આજનો સુવિચાર
દુનિયા એની ઉપર જ વિશ્વાસ કરે છે, જેને પોતે પોતાના ઉપર વિશ્વાસ હોય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૮૭ જૂનાગઢ તા.૧૮-૧૧-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 287, Junagadh : Date : 18 November, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## બુધવારે મહારાષ્ટ્ર - ઝારખંડ વિધાનસભાની ચૂંટણી : આજે સાંજે પ્રચાર પડઘમનો અંત



કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી આજે મુંબઈમાં મીડિયાને સંબોધશે. NCP (SP)ના વડા શરદ પવાર પુણે અને અહેમદનગરમાં MVA ઉમેદવારોની તરફેણમાં પ્રચાર કરશે. NCP (SP)ના નેતા સુપ્રિયા સુલે સોલાપુર અને પુણેમાં પ્રચાર કરશે.

મુંબઈ તા. ૧૮

મહારાષ્ટ્ર અને ઝારખંડ વિધાનસભા ચૂંટણીના પ્રચારનો આજે છેલ્લો દિવસ છે. મહારાષ્ટ્રમાં ૨૮૮ બેઠકો માટે ૨૦ નવેમ્બરે એક જ તબક્કામાં મતદાન થવાનું છે. મતગણતરી ૨૩ નવેમ્બરે થશે. ઝારખંડમાં બીજા અને છેલ્લા તબક્કામાં ૩૮ બેઠકો માટે ૨૦ નવેમ્બરે મતદાન થશે અને પરિણામ ૨૩ તારીખે આવશે.

મહારાષ્ટ્ર અને ઝારખંડ બંને રાજ્યોમાં આજે સાંજે પાંચ વાગ્યે ચૂંટણી પ્રચાર સમાપ્ત થશે. બંને રાજ્યોમાં રાજકીય પક્ષોના દિગ્ગજ નેતાઓ મતદારોનું સમર્થન મેળવવા માટે શક્ય તમામ પ્રયાસો કરી રહ્યા છે. કેન્દ્રીય મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા અમિત શાહ આજે નવી મુંબઈમાં એક રેલીને સંબોધિત કરે તેવી શક્યતા છે. કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી ગોંદિયા અને નાગપુરમાં પ્રચાર કરશે. બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા થાણે, સોલાપુર અને અહમદનગરમાં જાહેર સભાઓને સંબોધશે.

## શેરબજારમાં સતત મંદી : રોકાણકારોનાં રૂા.૫૦ લાખ કરોડનું ધોવાણ

નવી દિલ્હી, તા.૧૮: છેલ્લા એક સપ્તાહ કરતા વધુ સમયથી શેરબજાર સતત રેડઝોનમાં ચાલી રહયું છે. આજે સપ્તાહનાં પ્રથમ દિવસે પણ મંદીનાં ડાકલા વાગી રહયા છે. આજે શેરબજારનાં ઈન્ડેક્ષમાં પ્રારંભે કડાકો બોલી ગયો હતો જો કે બાદમાં રીકવરી આવી હતી. વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચવાલીથી શેરબજારના રોકાણકારોને સાત સપ્તાહમાં આશરે રૂ.૫૦ લાખ કરોડનું નુકસાન થયું છે. ભારતીય કંપનીઓની કમાણીમાં નરમાઈ અને અમેરિકામાં બોન્ડ યીલ્ડમાં વધારો થવાને કારણે પણ બજારમાં ઘટાડો થયો છે.

ગુરૂવારના રોજ રોકાણકારોની કુલ સંપત્તિ રૂ. ૪૭ ટ્રિલિયન ઘટીને રૂ. ૪૨૭ ટ્રિલિયન થઈ હતી. ગુરુ ગુનાનક જયંતિ નિમિત્તે શુક્રવારે શેરબજાર બંધ રહ્યું હતું. એકંદર માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૪૭૪ ટ્રિલિયન હતું.

## દિલ્હીમાં પ્રદુષણની હાલત ગંભીર અત્યંત કડક નિયમો લાગુ કરાયા

નવી દિલ્હી, તા.૧૮

પાટનગર દિલ્હી તથા એનસીઆરને ગાઢ ધુમ્મસ તથા ખતરનાક પ્રદુષણનો બેવડો માર શરૂ થયો છે જેને પગલે ગ્રેડેડ રીસ્પોન્સ એકશન પ્લાન-૪ (ગ્રેપ) લાગુ કરી દેવાયો છે ધો.૧૦-૧૨ સિવાય શાળાઓમાં ફીઝીકલ કલાસ બંધ કરાયા છે ત્યારે વાહનો ટ્રકની એન્ટ્રી તથા બાંધકામ પ્રવૃતિ પર રોક લગાવી દેવામાં આવી છે. વિમાની-રેલ્વે સહીતની સેવાઓના શિડયુલ વેરવિખેર બન્યા છે. શિયાળાના આગમનની સાથોસાથ ગાઢ ધુમ્મસ છવાયાની સાથોસાથ પ્રદુષણની ચાદર છવાઈ ગઈ હતી. અનેક ભાગોમાં પ્રદુષણ ઈન્ડેકસ (એર કવોલીટી ઈન્ડેકસ) ૫૦૦ ની નજીક ૪૯૭ લેવલ પર પહોંચી ગયો છે જેને પગલે આજથી જ નવા પ્રતિબંધાત્મક આદેશો લાગુ કરી દેવામાં આવ્યા છે.

## દેશભરમાં રાશનનું રૂા. ૬૯ હજાર કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું જ નથી : ભ્રષ્ટાચારી ઉંદરડાઓ ખાઈ જાય છે



નવી દિલ્હી તા. ૧૮

દેશમાં ૮૦ કરોડ લોકોને મફત અનાજ યોજના ઉપરાંત જાહેર વિતરણ વ્યવસ્થા મારફત નિયમીત રીતે વિવિધ અનાજ આપવામાં આવે છે. જેમાં લીકેજ એટલે કે કાળાબજારમાં ધકેલાઈ જતા અનાજ અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયાના ગોડાઉનમાં પણ હજારો ટન અનાજ સડી જાય છે. તેમાં હાલમાં જ એક ઈકોનોમીક થીંક ટેન્ક દ્વારા આપવામાં આવેલા તારણ મુજબ સરકારી વિતરણનું ૨૮% અનાજ એટલે કે રૂા.૬૯૦૦૦ કરોડનું અનાજ ગરીબો સુધી પહોંચતું જ નથી.

હાઉસ હોલ્ડ કન્ઝમ્પશન એકસપેન્ડીચર સર્વેના ડેટા અને ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા દર મહીને જે ડેટા રીલીઝ કરે છે તેના અભ્યાસ પરથી (ઓગષ્ટ ૨૦૨૨થી જુલાઈ ૨૦૨૩ વચ્ચે) એ તારણ અપાયુ છે કે ૨ કરોડ ટન ઘઉં-ચોખા લાભાર્થી સુધી પહોંચ્યા જ ન હતા.

આ એક મોટું રાષ્ટ્રીય નુકસાન છે અને તે અનાજ જે ફુડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના ગોડાઉનમાંથી નિકળે છે તે કયાં જાય છે તે પ્રશ્નનો જવાબ મેળવવા કોશીશ કરવામાં આવી હતી. આ એક મોટો આર્થિક બોજો છે અને તેનાથી સરકારી તિજોરીને મોટું નુકસાન થાય છે.

હાર્દિક શુભેચ્છા....
॥ શ્રી વિશ્વકર્મા નમ : ॥
ફેબ્રિકેશન તથા એન્જીનીયરીંગમાં ઉપયોગી તમામ પ્રકારનું લોખંડ અમારે ત્યાંથી વ્યાજબી ભાવે મળશે
તો આજે જ કોન્ટેકટ કરો
જયદીપ એન્જીનીયરીંગ
પટ્ટી, પાટા, એંગલ, ચેનલ, રાઉન્ડબાર અને ચોરસબાર, બ્લેક પાઈપ, ગેલ્વેનાઈઝ પાઈપ, શીટ
પ્લોટ નં. ૪૦૨/૯, જીઆઈડીસી-૨, દોલતપરા, જૂનાગઢ-૩૬૨૦૦૧
મો.૯૬૮૭૧૨૬૩૮૭/૯૭૨૬૩૭૫૭૯૭

CARE+ LABORATORY
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો : 24x7
8005 70 8005
અમારી બીજી બ્રાન્ચ
અક્ષર આઈકોન, ગ્રાઉન્ડ ફલોર, ગંગા પાર્ક, કે.જે. કેન્સર હોસ્પિટલની બાજુમાં, ઝાંઝરડા બાયપાસ રોડ, જૂનાગઢ
હેલ્થ ચેકઅપ બેઝીક કેમ્પ
હેલ્થ ચેકઅપ એડવાન્સ કેમ્પ
749/- કિંમત 2870/-
1349/- કિંમત 5060/-
કેમ્પ : દર બુધવારે અને રવિવારે સવારે ૮.૩૦ થી બપોરના ૧૨.૦૦

## પાટણનાં ચકચારી રેગીંગ કેસમાં વિદ્યાર્થીનાં મોત બાદ ૧૫ આરોપી વિદ્યાર્થીઓ સસ્પેન્ડ : ફરીયાદ દાખલ

પાટણ, તા.૧૮

પાટણની ધારપુર મેડિકલ કોલેજનો ફર્સ્ટ યરનો MBBSનો વિદ્યાર્થી અચાનક બેભાન થયો હતો અને તેનું મોત થયું હતું. કોલેજના જ સિનિયર વિદ્યાર્થીઓએ રેગિંગ કરતા તેનું મોત નીપજ્યું હોવાનુ સામે આવ્યું હતું. મળતી માહિતી મુજબ MBBS ના પ્રથમ વર્ષમાં વિદ્યાર્થી અભ્યાસ કરતો હતો. વિદ્યાર્થી સુરેન્દ્રનગરના જેસડા ગામનો હોવાનું જણવા મળ્યું છે. પાટણના સીમાડે આવેલ ધારપુર મેડિકલ કોલેજમાં એક વિદ્યાર્થીના શંકાસ્પદ મોતને કારણે હડકંપ મચી ગયો હતો. મૂળ સુરેન્દ્રનગરના જેસડા ગામના વતની ૧૮ વર્ષીય અનિલ નટવરભાઈ મેથાણીયા MBBSના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતો હતો. જોકે મેડિકલ કોલેજમાં વિદ્યાર્થીનું શંકાસ્પદ મોત થતા હડકંપ મચી ગયો હતો. પાટણની ધારપુર મેડિકલ કોલેજમાં રેગિંગથી વિદ્યાર્થીના મૃત્યુ મુદ્દે કાર્યવાહી કરવામાં આવી છે. જેમાં રેગિંગ કરનારા ૧૫ વિદ્યાર્થી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ વિદ્યાર્થીઓ સામે FIR નોંધવા તજવીજ હાથ ધરાઈ છે. રેગિંગ કમિટીના પ્રાથમિક રિપોર્ટ બાદ કાર્યવાહી કરવામાં આવી છે.

હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા-પાઈલ્સ હોસ્પિટલ

## સમાચાર રાઉન્ડ અપ

- મણિપુરમાં અવિરત હિંસા યથાવત : રાષ્ટ્રપતિ શાસન લાદવાની ભલામણ
- મહારાષ્ટ્રમાં કોઈને પણ બહુમતી નહી મળે ? અપક્ષોનાં હાથમાં સત્તાની ચાવી રહેશે : અનુમાન અનુસાર ભાજપ ગઠબંધનને ૧૨૫ થી ૧૪૫, મહાવિકાસ અઘાડીને ૧૩૨ થી ૧૫૫ બેઠકો મળવાની ધારણા - અપક્ષોને ૩૦ થી ૩૫ બેઠકો મળી શકે
- ગતરાત્રે વડોદરામાં ભાજપનાં પૂર્વ કોર્પોરેટરનાં પુત્રની હત્યા
- આજે મધ્યરાત્રી બાદ ભારતમાં ઈન્ટરનેટની દુનિયા બદલાઈ જશે : બ્રોડબેન્ડ સહિતની ઈન્ટરનેટ સેવામાં ક્રાંતિ આવશે : અમેરીકાની ધરતી પરથી ઈસરો દ્વારા ઉપગ્રહ લોન્ચ કરવામાં આવશે.
- જમ્મુ-કાશ્મીર, હિમાચાલ પ્રદેશમાં બરફ વર્ષા : સોનમર્ગમાં ઉષ્ણતામાન માઈનસ ૫.૩ ડીગ્રી : આગામી દિવસોમાં ઠંડી વધશે
- ન્યૂયોર્કનાં દરીયા કિનારે વિમાન નજીક એલિયનનું યાન પહોંચી ગયું હોવાનો દાવો
- રીઝર્વ બેંકને આતંકવાદી સંગઠન લશ્કરે - તોયબાનાં નામે ધમકી મળી
- દેશમાં સીધા કરવેરાની રૂા. ૨૬.૧૩ લાખ કરોડ રીકવરી બાકી : રૂા. ૯ લાખ કરોડ માંડવાળ કરવા પડે તેવી સ્થિતિ

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ડ.
LED ટીવી. ફ્રીઝ. A/C, વોશીંગ મશીન. ઘરઘંટી. હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.




જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ : ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો

"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુઃખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઈજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.

"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.

"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.

"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુઃખાવા તથા સાંધાના દુઃખાવા કમર, ઘુટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

# જૂનાગઢની આયુષ હોસ્પિટલમાં બ્રેઇન ડેડ દર્દીનું સારવાર દરમ્યાન મૃત્યું

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢની આયુષ હોસ્પિટલના બ્રેઈન ડેડ દર્દીનું સારવાર દરમિયાન મૃત્યું નિપજ્યું છે. દરમ્યાન હાલ પરિવારજનોને મૃતદેહ પોલીસની હાજરીમાં પરિવારજનોને સોંપાયો છે. જૂનાગઢ શહેરની ઝાંઝરડા ચોકડી પાસે આયુષ હોસ્પિટલ આવેલી છે. દરમ્યાન વેરાવળના ધનુબેન સોલંકી નામના ૬૫ વર્ષિય મહિલાને હૃદય રોગની તકલીફ થતા તેને આયુષ હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરાયા હતા. આ મહિલા દર્દીને બ્લોકેજ નળી ખોલવા માટે લોહી પાતળું કરવા ઈન્જેકશન અપાયું હતું. બાદમાં તેમને હેમરેજ થઈ જતા મગજનું ઓપરેશન કરાયું હતું જેમાં તેઓ બ્રેઈન ડેડ થઈ જતા તેને વેન્ટીલેટર ઉપર રખાયા હતા. જોકે, રવિવારના સાંજના સમયે સારવાર દરમ્યાન હોસ્પિટલમાં જ તેમનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે આયુષ હોસ્પિટલના તબીબ મિલન મકવાણાએ જણાવ્યું હતુ કે, રવિવારના સાંજના સમયે ૪:૪૫ વાગ્યે મહિલા દર્દીએ અંતિમ શ્વાસ લીધા હતા. બાદમાં સ્થાનિક પોલીસને પણ બોલાવાઈ હતી.

# જૂનાગઢમાં ૭૦ વર્ષ અને તેનાથી વધુ ઉંમરના વડીલોને "આયુષ્માન વય વંદના કાર્ડ"નો લાભ અપાયો




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

હાલમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના" અંતર્ગત રૂા.૧૦ (દસ) લાખનો વાર્ષિક કૌટૂંબીક આરોગ્ય વીમો મેળવવાની યોજના અમલમાં છે. આ યોજના અંતર્ગત "આયુષ્માન કાર્ડ" યોગ્યતા ધરાવતા નાગરિકોને આપવામાં આવે છે. આ યોજના ઉંમર લાયક નાગરિકોને સરળતા થી આરોગ્ય વીમો પ્રાપ્ત થાય તે માટે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા તા.૨૯/૧૦/૨૦૨૪ના રોજ ૭૦ વર્ષ અને તેથી વધુ ઉમર ધરાવતા નાગરિકોને આવકની મર્યાદા ધ્યાનમાં લીધા વગર "આયુષ્માન કાર્ડ" આપવાનો અમલ શરૂ કરવામાં આવેલ છે. આ કેટેગરીનું નામ "આયુષ્માન ભારત વાય વંદના યોજના" રાખવામાં આવેલ છે.

જે અંતર્ગત ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના નાગરિકો માત્ર આધાર કાર્ડ વેરિફિકેશન કરવી આયુષ્માન કાર્ડ મેળવી શકે છે. જે અંતર્ગત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા રાજયમાં તુરંત અમલ્વારી કરવાની કટીબધ્ધતા દાખવી અને તાત્કાલીક અમલવારી કરવાની સુચના આપેલ જે અન્વયે ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા જૂનાગઢ દ્વારા ૭૦ વર્ષથી વધુ વયના વડીલો માટે આયુષ્યમાન વય વંદના કાર્ડ કઢાવવા માટેના કેમ્પનું રેડક્રોસ આઝાદચોક ખાતે આયોજન કરવામાં આવેલ જેમાં જૂનાગઢ નગરજનોનો બહોળો પ્રતિસાદ જોવા મળેલ હતો. જેમાં ૪૫૦ આયુષ્યમાન કાર્ડ તથા આધાર કાર્ડ સાથે મોબાઈલ લિંક તથા રેશનકાર્ડ ઈ-કે.વાય.સી તેમજ મતદારયાદી નામ સુધારણાના ઘણા લાભાર્થીઓએ લાભ લીધેલ હતો. આ કેમ્પમાં ધારાસભ્યશ્રી સંજયભાઈ કોરડીયા, પ્રાંત અધિકારી ચરણસિંહ ગોહિલ, નાયબ કમિશ્નર એ.એસ. ઝાપડા, સીટી મામલતદાર ખિલન ત્રિવેદી તથા મેલેરીયા અધિકારી હરસુખ રાદડિયા વગેરે ઉપસ્થિત રહેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા મહાનગરપાલિકાના અર્બન હેલ્થ સેન્ટરના તમામ કર્મચારી તથા ઈંડિયન રેડક્રોસ દ્વારા ભારે જહેમત ઉઠાવેલ હતી.

# ધોરાજીવાલા મેમણ જમાત મેનેજીંગ કમિટીની ચૂંટણી યોજાઈ : અઝીઝભાઈ બાટવીયા પ્રમુખપદે ચૂંટાયા



જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ શહેરમાં આવેલી સામાજીક સંસ્થા ધોરાજીવાલા મેમણ જમાત જૂનાગઢની મેનેજીંગ કમિટીની ગત શુક્રવારે ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૧૧ બેઠકો માટે ૧૫ ઉમેદવારો મેદાનમાં હતા. ૧૧ ઉમેદવારોની પેનલ બનાવવામાં આવી હતી. જ્યારે ૪ ઉમેદવારો સ્વતંત્ર ચૂંટણી લડતા હતા. ધોરાજીવાલા મેમણ જમાતની ચૂંટણીમાં નિવૃત નાયબ મામલતદાર હુસેનભાઈ દલે ચૂંટણી અધિકારી તરીકે ચૂંટણી જાહેર કરવાથી લઈ ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી પ્રશંસનીય ફરજ બજાવી હતી અને જે રીતે સરકારી સ્તરે ચૂંટણીની વ્યવસ્થા અને કાર્યવાહી થાય છે તે પ્રકારે કાર્યવાહી કરી તટસ્થ ચૂંટણી યોજવામાં સફળતા મેળવી હતી. કુલ ૭૦૦ મતદારોમાંથી થયેલ મતદાનમાં સૌથી વધુ મત અઝીઝભાઈ કાસમભાઈ બાટવીયાને ૩૮૨ મત મળ્યા હતા. જેઓ પ્રમુખપદે ચૂંટાઈ આવ્યા છે. જયારે અન્ય ચૂંટાયેલા સભ્યોમાં ઈમરાનભાઈ ગફારભાઈ મારફતીયા, હારૂનભાઈ સીદીકભાઈ વીધા, મહેબુબભાઈ યાકુબભાઈ વીધા, સફીભાઈ યુનુસભાઈ દલાલ, સલીમભાઈ સતારભાઈ ગડર, કુદુશભાઈ મહમદભાઈ ખાણીયા, જાફરભાઈ યુનુસભાઈ ચામડીયા, આરીફભાઈ કરીમભાઈ મારફાણી, મહેબુબભાઈ મહમદભાઈ મારફાણી, ડો.રીફાઝભાઈ રીયાઝભાઈ મોદી આ ૧૧ સભ્યોની પેનલ ચૂંટાઈ આવી હતી. ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન વોર્ડ નં.૮ના અગ્રણીઓ અદ્રેમાનભાઈ પંજા, અશરફભાઈ થઈમ, લતીફબાપુ સૈયદ સહિતના ઉપસ્થિત રહ્યા હતા. ( ા ે મ જ પોલીસ બંદોબસ્ત પણ જાળવવામાં આવ્યો હતો.

આ વખતની ચૂંટણી એટલી ઉત્સાહજનક હતી કે, દુબઈ, મુંબઈ, સુરત અને રાજકોટ જેવા મહાનગરોમાંથી પણ મતદારો મતદાન કરવા આવ્યા હતા. દરમ્યાનમાં ધોરાજીવાલા મેમણ જમાતના પ્રમુખ પદે ચૂંટાયેલા અઝીઝભાઈ બાટવીયાએ તમામ મતદારોનું તેમજ સમગ્ર સમાજ, આગેવાનો, પોલીસ તંત્રનો અને સમગ્ર ચૂંટણી પ્રક્રિયા સફળતાપૂર્વક યોજનાર ચૂંટણી અધિકારી હુશેનભાઈ દલનો આભાર માન્યો હતો અને જણાવ્યું છે કે, આગામી સમયમાં સમાજના સર્વાંગી વિકાસ માટે તેમની ટીમ સદાય તત્પર રહેશે. અને નિષ્ઠાપૂર્વક કામગીરી બજાવશે. અઝીઝભાઈ બાટવીયા અગ્રણી ઉદ્યોગપતી છે અને અનેક સામાજીક સંસ્થાઓ અને સેવાકીય કાર્યો સાથે સંકળાયેલા છે.

# બ્રહ્માકુમારી શિવાનીબહેનનું આજે દીવમાં આગમન : તેમને સાંભળવા માટે દીવ, ઉના તથા આસપાસના લોકો થઈ રહ્યા છે ઉત્સુક



(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૧૮

આગામી તારીખ ૧૮ નવેમ્બર, ૨૦૨૪ના રોજ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દીવ તથા ઉના સેવા કેન્દ્રના સંયુક્ત પ્રયાસથી ઘોઘલા જેટ્ટી ઉપર આંતરરાષ્ટ્રીય આધ્યાત્મિક વકતા તથા મોટીવેશનલ સ્પીકર એવા શિવાનીબહેન, "સારા વિચાર સુખમય સંસાર" વિષય ઉપર સાંસારિક સમસ્યાઓના ઉકેલ તેમજ આધ્યાત્મિક ઉન્નતી માટેના સરળ ઉપાયોની ગુરૂચાવી આપશે. ૧૮ તારીખે સાંજે ૫.૩૦ થી ૮:૦૦ વાગ્યા સુધીના સમગ્ર કાર્યક્રમની શરૂઆત આધ્યાત્મિક ગીતોની લેખિકા અને ગાયીકા એવા બ્ર.કુ. ડો. દામિનીબહેન આધ્યાત્મિક ગીતોથી કરશે. બ.કુ. શિવાનીબહેન ઈ.સ. ૧૯૯૪માં પુણે યુનિવર્સિટી માંથી ઈલેક્ટ્રીકલ એન્જીન્યરીંગમાં ગોલ્ડમેડલ સાથે સ્નાતક થયા. તેમણે પોતાની આધ્યાત્મિક સેવાઓની શરૂઆત વર્ષ ૨૦૦૭ થી "અવેકનિંગ વિથ બ્રહ્માકુમારીઝ" નામના ટીવી પ્રોગ્રામ થી શરૂ કરી, જે લગભગ એક દાયકા સુધી લોકોમાં ખૂબ જ લોકપ્રિય રહ્યા. આ ટીવી પ્રોગ્રામમાં તેમણે અનેક ક્ષેત્રના લોકોને સશકત બનાવવા, માનસિક તણાવ, હતાશા, વ્યસનો, આત્મસન્માનના અભાવ અને સંબંધોમાં નીરસતા દૂર કરવામાં ખૂબ મહત્વની સેવા આપી. તેમના આ આધ્યાત્મિક કાર્યોની નોંધ લેતા વર્ષ ૨૦૧૪માં તેમને ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ઓફ ઈન્ડીયા દ્વારા 'વુમન ઓફ ધ ડીકેડ' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૭માં તેમને વર્લ્ડ સાયકિયાટ્રીક એસોસિયેશન દ્વારા 'ગુડવિલ એમ્બેસેટર' તરીકે નિયુકત કરવામાં આવ્યા. વર્ષ ૨૦૧૯માં માનવીય વર્તણૂક, સ્વભાવ અને સંસ્કારમાં પરિવર્તન લાવવામાં તેમની અગત્યની ભૂમિકાની નોંધ લઈ ભારત સરકાર દ્વારા 'નારી શક્તિ પુરસ્કાર' થી તેમને માનનીય પૂર્વ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. બ્રહ્માકુમારી શિવાનીબહેન જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર આ વક્તાનો સર્વ પ્રથમ વાર કાર્યક્રમ યોજાય રહ્યો છે.તો આ કાર્યક્રમનો લાભ લેવા બ્રહ્માકુમારી ગીતાબહેન - દીવ તેમજ બ્રહ્માકુમારી હિરાબહેન - ઊના દ્વારા ભાવભર્યું ઈશ્વરીય નિમંત્રણ છે.

આ કાર્યક્રમનો પાસ (નીઃશુલ્ક) મેળવવા માટે પોતાનું નામ,મોબાઈલ નંબર, ગામ તથા ઉમર વોટ્સ એપ નંબર ૯૪૨૭૨ ૩૫૩૮૮ અથવા ૭૦૧૪૬ ૨૨૩૯૯ પર સંપર્ક કરવાં જણાવાયું છે. આ કાર્યક્રમને સફળ બનાવવા એસટી ડેપો ઊના દ્વારા વધારાની ત્રણ બસ આવવા જવા માટે વ્યવસ્થા ઊભી કરાયેલ છે. સમગ્ર પ્રોગ્રામ દીવનાં ઘોઘલા જેટી ઉપર ભવ્યાતિભવ્ય મંડપ ઊભો કરી તમામ પ્રકારની વ્યવસ્થાને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

# મેંદરડા તાલુકાના પાટરામા ગામે હુમલો કરી ધમકી આપી - ૪ સામે ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

મેંદરડાના પાટરામા ગામે ચાર શખ્સોએ હુમલો કરી ધમકી આપ્યાની ફરીયાદ મેંદરડા પોલીસ મથકે નોંધાઈ છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે અમૃતલાલ છગનભાઈ કુંભાણીએ ભોજાભાઈ ભાયાભાઈ લાલુ, યુવરાજ ભોજાભાઈ લાલુ, મુન્નાભાઈ ભાયાભાઈ લાલુ અને રાજુભાઈ મુન્નાભાઈ લાલુ વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીના મોટા દિકરા રક્ષીતની આરોપી મુન્નાભાઈને દિકરી સાથે મીત્રતા હોય જે બાબતની જાણ આરોપીઓને થતા આરોપીઓએ લાકડીઓ, તલવાર સહિતના હથીયારો સાથે આવી ફરીયાદી તથા સાહેદો સાથે ગાળાગાળી કરી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી ગુરૂનાનક સાહેબજીનાં છઠી ઉત્સવની ઉજવણી થશે

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢમાં ગુરૂનાનક સાહેબજીના છઠી ઉત્સવની ઉજવણી કરવામાં આવનાર છે. જેથી સર્વ સિખ સંગતને જાણ કરવામાં આવે છે કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રી ગુરૂનાનક સાહેબજીનો છઠી ઉત્સવ સંઘાડીયા બજારમાં આવેલ જુના ગુરૂનાનક મંદિરમાં ધામધુમથી તા.૨૦-૧૧-૨૦૨૪, બુધવારના રોજ ઉજવવામાં આવશે. આ છઠી ઉત્સવમાં સર્વ સાદ સંગતને લાભ લેવા મંદિરના ગાદીપતી મહંતશ્રી ભાઈ સાહેબ ગુરૂમુખદાસ વાસવાણીની યાદીમાં જણાવેલ છે. આ કાર્યક્રમ તા.૨૦-૧૧-૨૦૨૪ બુધવારના રોજ સાંજે ૬.૦૦ થી ૭.૦૦ શ્રી સુખમની સાહેબશ્રીનો પાઠસાહેબ, સાંજે ૭.૦૦ થી ૯.૦૦ પિન્ટુ ચાવલા મ્યુઝીકલ પાર્ટીનો પ્રોગ્રામ થશે. ત્યારબાદ ૯.૦૦ કલાકે આમ ભંડાળાનું આયોજન કરેલ છે. તેમ એક યાદીમાં જણાવેલ છે.

# વિસાવદરના નાની પીંડાખાઈ ગામે સાયકલ ચાલકનું કાર હડફેટે મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

વિસાવદર તાલુકાના નાની પીંડાખાઈ ગામે સાયકલ ચાલક વૃધ્ધને ઈકો કાર ચાલકે હડફેટે લેતા મૃત્યુ નિપજયું હતું.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે મહેબુબશા કાળુ શાહમદારે ઈકકો કાર નં.જીજે-૧૧-સીએચ-૮૫૩૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી કાર ચાલકે પોતાના હવાલાવાળી કાર બેફીકરાઈથી ચલાવી પોતાના પિતા કાળુશા બાપુશા શાહદાર (ઉ.વ.૭૫) વાળાની સાયકલને હડફેટે લઈ મોત નિપજાવ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોડીનારના કાજ ગામનાં યુવાન સાથે રૂા.૧.૮૫ લાખની છેતરપિંડી પોલીસને જાણ કરતા રકમ પરત મળતા પોલીસની કામગીરીને બિરદાવાઈ



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૮

ગીર-સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા તથા ઈન્ચાર્જ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક ઉના વિભાગ વી.આર. ખેંગારનાઓની સૂચના મુજબ લોકો સાથે થતા નાણાકીય ફ્રોડના બનાવોમાં ભોગ બનનારને તાત્કાલિક મદદરૂપ થવા સૂચના કર્યું હોય જે અનુસંધાને કોડીનાર પોલીસ સ્ટેશનના પી.આઈ એન.આર.પટેલની સૂચના તેમજ પી.એસ.આઈ કે.એમ.ચાવડાના માર્ગદર્શન હેઠળ કોડીનાર ટાઉન બીટના પોલીસ હેડ કોન્સ્ટેબલ એસ.પી. જાની તથા પોલીસ કોન્સ્ટેબલ ભગવાનભાઈ જીણાભાઈ તથા ભીખુશા જુણેજાનાઓએ ટીમ વર્કથી હ્યુમન શોર્શ તથા આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરી અરજદાર કિમ્પાલસિંહ ભાવસિંહભાઈ પરમાર રહે.કાજ તાલુકો કોડીનાર વાળા વેપાર/ધંધા સબબ રાજકોટ ખાતેથી રૂપિયા ૩,૨૦,૦૦૦ના બે કુલિંગ મશીન મંગાવેલ હોય જેના એડવાન્સ રૂપિયા ૧,૮૫,૦૦૦ સામા વાળાને આંગડિયાથી તથા ગૂગલ પેથી અલગ અલગ સમયે ટ્રાન્સફર કર્યા હતા પરંતુ સામા વાળી પાર્ટીએ મશીન મોકલેલ નહીં કે અરજદારના રૂપિયા પણ પરત આપતા ન હોય જે બાબતે કોડીનાર પોલીસ સ્ટેશનમાં ભોગ બનનારએ લેખિત ફરીયાદ કરતા તે અનુસંધાને કોડીનાર પોલીસે તપાસ હાથ ધરી રાજકોટ ખાતે જઈ ફ્રોડ કરનાર પાર્ટીને શોધી કાઢી કાયદાકીય કાર્યવાહી કરતા ફ્રોડ કરનાર પાર્ટી એ અરજદારને રૂા.૧,૮૫,૦૦૦ પરત આપી દેતા પરસ્પર સુખદ સમાધાન થયું હતું. કોડીનાર પોલીસે આગવી કામગીરી કરી ભોગ બનનાર ની મોટી રકમ પરત અપાવતા કોડીનાર પોલીસની કામગીરીને બીરદાવાઈ હતી.

# ખંભાળિયા : કારની અડફેટે સ્કૂટર સવાર વૃદ્ધનું કરૂણ મોત



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૮

ખંભાળિયામાં રહેતા જગદીશભાઈ મથુરાદાસ પાઉં(ખાખરડા વારા) નામના આશરે ૬૩ વર્ષના વૃદ્ધ શનિવારે બપોરે તેમના એક્ટિવા મોટરસાયકલ ઉપર બેસીને જઈ રહ્યા હતા, ત્યારે જામનગર માર્ગ ઉપર જતી એક ઈનોવા કારના ચાલકે તેમને અડફેટે લેતા તેમનું ઘટના સ્થળે જ કરૂણ મૃત્યું નિપજ્યું હતું.

# જૂનાગઢનું ગૌરવ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૮

જૂનાગઢ મહાનગરપાલિકા તરફથી નાયબ કમિશનર તથા કમિશનર દ્વારા ફાયર એન્ડ ઈમરજન્સી શાખાના કનુભાઈ પરમારને જૂનાગઢમાંથી નાગપુર ખાતેની અર્બન સર્ચ એન્ડ રેસ્ક્યુ તાલીમ માટે સૌપ્રથમ વખત નોમિનેટ કરતા ગુજરાત સરકાર દ્વારા જૂનાગઢમાંથી પ્રથમ વખત આવી તાલીમમાં નાગપુર ખાતે મોકલેલ જેમાં કનુભાઈ પરમાર દ્વારા સફળતાપૂર્વક આ તાલીમ પૂર્ણ કરી જૂનાગઢનું ગૌરવ વધારેલ છે.

# સોમનાથ-વેરાવળ એસટી ડેપોએ ગિરનાર પરિક્રમા-કાર્તિકપૂર્ણિમા મેળો સોમનાથથી વિક્રમજનક આવક મેળવી




(પ્રતિનિધિ દ્વારા)

પ્રભાસ-પાટણ તા.૧૮

સોમનાથ-વેરાવળ એસટી ડેપોએ ગિરનાર પરિક્રમા યાત્રિકો સોમનાથ-જૂનાગઢ સરળ, સલામતીપૂર્વક અને સસ્તી મુસાફરી કરી શકે તે માટે વેરાવળ એસટી ડેપો મેનેજર દિલીપ શામળાએ સુંદર આયોજન ગોઠવ્યું હતું. દિલીપ શામળા કહે છે, અમોને ગિરનાર પરિક્રમા વેરાવળ-સોમનાથ-જૂનાગઢ વચ્ચે એકસ્ટ્રા બસોનું સંચાલન સોંપાયું હતું જેથી તા.૯-૧૧-૨૪થી તા.૧૬-૧૧-૨૪ સુધી કુલ ૫૨૮ ટ્રીપો ચલાવી અને જેમાં કુલ વાહન વપરાશ ૧૪૫ વાહનો વપરાયા અને કુલ આવક રૂપીયા ૨૬,૦૪,૭૧૩ થવા પામેલ છે. જયારે ખાતા તરફથી અમોને ૨૪,૦૧,૮૧૯ રૂપીયાનો લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. સમગ્ર ટ્રીપ ૬૦૪૬૩ કિલોમીટર થવા જાય છે અને એવરેજ દર કિલોમીટર ૪૩.૦૮ થવા જાય છે. કુલ મુસાફર ૨૬,૭૯૨ લોકોએ એસટીની બસોનો લાભ લીધો હતો. આ સફળતા માટે તંત્ર દ્વારા ડ્રાઈવર, કંડક્ટરો, વર્કશોપ, ઓફિસ વિભાગ સહિત સમગ્ર તંત્ર ટીમ સ્પીરીટથી કામ કરી પ્રજાને સંતોષ અને ખાતાને આવક રળી આપી હતી.

# ભગવાન દ્વારકાધીશને સોનાનો મુંગટ તથા ચાંદિના ઢીંચણ ભકતોએ અર્પણ કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા.૧૮

દ્વારકા જગત મંદિરે બે જૂદાજુદા ભકતોએ દ્વારકાધીશજીને સોનું ચાંદિ અર્પણ કરવામાં આવ્યું હતૂં. તુલસી વિવાહના પવિત્ર દિવસે શ્રીજીના પરમ વૌષ્ણવ શ્રી વિષ્ણુ સહત્ર પાઠ મહિલા મંડળ - દ્વારકા દ્વારા ભગવાન શ્રી દ્વારકાધીશને ચાંદીના ઢીંચણ અર્પણ કરવામાં આવ્યા. જે અંદાજે ચાંદી ૧૦૦૦ ગ્રામ તેમજ અન્ય શ્રીજીના પરમ વૈષ્ણવ શ્રી માંજલપુર(વડોદરા)થી દ્વારકા પગપાળા સંઘ દ્વારા ભગવાન શ્રી દ્વારકાધીશ ને સોનાનો મુગટ અર્પણ કરવામાં આવ્યો હતો. જે અંદાજે સોનું ૩૩૦ ગ્રામ સોનું શ્રીજીને અર્પણ કરાયું છે.

**અવસાન નોંધ**

જૂનાગઢ : ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ શ્રી જયંતીલાલ લક્ષ્મીશંકર ત્રિવેદી(ઉ.વ.૯૩, નિવૃત્ત રેલ્વે ગાર્ડ) તેઓ મુક્તાબેન જે ત્રિવેદીના પતિ તથા ઉમેશભાઈ ત્રિવેદી(રેલવે), ગીતાબેન સુરેશચંદ્ર વ્યાસ, સુધાબેન મહેશકુમાર પંડયાના પિતાશ્રી તેમજ જયદેવ ત્રિવેદી અને નંદિતા સમીરકુમાર જાનીના દાદાનું દુઃખદ અવસાન તારીખ ૧૬ -૧૧ -૨૪ ના રોજ થયેલ છે. સદગતનું બેસણું તારીખ ૧૮ -૧૧ -૨૪ સોમવારના રોજ સમય સાંજે ચારથી છ વાગ્યે તેમના નિવાસ્થાન મોતી પેલેસ સ્ટાર, માધવબાગ, ચોબારી રેલવે ફાટક પાસે, જૂનાગઢ રાખેલ છે. ઉમેશભાઈ જે. ત્રિવેદી મો. ૮૮૪૯૧૧૯૪૧૦.

# સફળતાની યાત્રા : અદાણીજૂથની સહાયથી મનદિપ બન્યો 'કુલદિપ'

## જરૂરિયાતમંદ વિદ્યાર્થીની આત્મનિર્ભર બનવાની પ્રેરણાદાયી સફર



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૧૮

અદાણી ફાઉન્ડેશન જરૂરિયાતમંદ યુવાઓના જીવનમાં આત્મનિર્ભરતાનો પ્રકાશ પાથરી રહ્યું છે. આવો જ એક કિસ્સો છે અદાણી વિદ્યામંદિર-ભદ્રેશ્વરના વિદ્યાર્થી મનદિપસિંહનો. અતિ-સાધારણ પૃષ્ટભૂમિ ધરાવતો મનદિપ આજે સફળતાની સીડીઓ ચઢીને આત્મનિર્ભરતા અનુભવી રહ્યો કંપનીમાં ઈજનેર તરીકે સેવા આપી સમાજ માટે પ્રેરણાદાયી ઉદાહરણ બન્યો છે. બોટાદના મનદિપનીઅત્યારસુધીની યાત્રા અનેક યુવાઓ માટે પ્રેરણાદાયી છે. પિતાની મર્યાદિત આવક હોવાથી ઉત્કૃષ્ટ શિક્ષણ મેળવવા તેણે કાકા સાથે ભદ્રેશ્વરમાં રહેવાનું શરૂ કર્યુ. અદાણી વિદ્યામંદિરમાં તેણે ૭માં ધોરણથી અભ્યાસ શરૂ કર્યો હતો. વિદ્યામંદિરના વિનામૂલ્યે આપતા સર્વાંગી શિક્ષણથી તેના પ્રદર્શનમાં થયેલો ઉત્તરોત્તર સુધારોઉડીને આંખે વળગતો હતો. ધોરણ ૧૦માં ઉત્કૃષ્ટ પ્રદર્શન થકી મનદિપે ડિપ્લોમા ઈજનેરી અભ્યાસમાં પ્રવેશ મેળવ્યો. અદાણી લીધો. જુલાઈ ૨૦૨૧માં તેમનો એન્જિનિયરિંગ ડિપ્લોમા પૂર્ણ કર્યો. અદાણી ફાઉન્ડેશન દ્વારા આર્થિક સહાય થકી મનદિપે કોમ્પ્યુટર ઈજનેરીમાં સ્નાતકની ડિગ્રી મેળવવા વડોદરાની વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવ્યો અને સારા ગુણાંક સાથે ઉત્તીર્ણ પણ થયો.

જોકે, અદાણી ફાઉન્ડેશનના પ્રયત્નોથી તેની પ્રગતિની સફર અવિરત ચાલતી રહી. આજે મનદિપ અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડમાં કામ કરી રહ્યો છે. મનદિપ જણાવે છે કે, "અદાણી ગ્રૂપ તરફથી મળેલી શૈક્ષણિક અને આર્થિક સહાય બદલ હું તેમનો અદાણી જૂથની ખૂબ જ મોટીભૂમિકા છે. જો તેઓએ સમયસર મદદનો હાથ લંબાવ્યો ન હોત તો, કદાચ આજે હું આ કક્ષાએ આત્મનિર્ભર બની શક્યો ન હોત." વર્ષે માંડ-માંડ ૨૦-૨૫ હજારની આવક ધરાવતાપરિવારો માટે અદાણી વિદ્યામંદિરઅમૂલ્ય આશીર્વાદથી કમ નથી!!મનદિપ ઉજ્જવળ ભવિષ્યની જ્યોત પ્રજવલિત કરી જીવનને તેજોમય બનાવીરહ્યો છે. કુટુંબને આર્થિક મદદ સાથે તે સમાજના અનેકવિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બન્યો છે. અદાણી જૂથ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે પથ પ્રદર્શક બની તેમના જીવનમાં ઉજાસ પાથરી રહ્યું છે.

ટ્રાફિકની સમસ્યા નિવારવા જીલ્લા કલેકટરનો આગવો અભિગમ

# જૂનાગઢ જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ રોડ સેફટી કાઉન્સિલની બેઠક 'સ્પોટ' ઉપર યોજી

**કલેક્ટરે માર્ગ સલામતી માટે રોડ ઉપર જરૂરી માર્કિંગ કરવા, સાઈન બોર્ડ તથા સ્પીડ બ્રેકર મુકવા સહિતની સૂચના આપી : જીલ્લા કલેક્ટરે અધિકારીઓ સાથે જૂનાગઢ શહેરના ચોબારી ફાટક ખાતે જાત નિરીક્ષણ કરીને વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓનો તાગ મેળવ્યો**



જૂનાગઢ, તા.૧૮

સામાન્યતઃ રોડ સેફટી કાઉન્સિલની બેઠક કલેક્ટર કચેરી ખાતે યોજાતી હોય છે, પરંતુ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ ટ્રાફિકની સમસ્યાના સચોટ નિરીક્ષણ માટે 'સ્પોટ' ઉપર જ ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કાઉન્સિલ બેઠક યોજી હતી.

જિલ્લા કલેકટરે જૂનાગઢ શહેરના ચોબારી ફાટક ખાતે અને ઝાંઝરડા ચોકડી નજીક નેશનલ હાઈવે ઓથોરિટી, મહાનગરપાલિકા, માર્ગ અને મકાન, આરટીઓ, પોલીસ સહિતના સંબંધિત અધિકારીઓઓ સાથે ટ્રાફિકની સમસ્યા નિવારવા અને વાહન ચાલકોની મુશ્કેલીઓ દૂર કરવા માટે સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

જિલ્લા કલેકટરે અધિકારીઓ સાથે પરામર્શ કરતા રોડ ઉપર જરૂરી માર્કિંગ કરવા, સાઈન બોર્ડ તથા સ્પીડ બ્રેકર મુકવા, માર્ગ મરામત કરવા જરૂરી નિર્દેશ આપ્યા હતા. ઉપરાંત ખાનગી મિલકત ધારકો પોતાની હદમાં વાહન પાર્કિંગ કરે તે માટે પણ જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. આ સાથે રોડ પર જરૂરી લાઈટિંગની વ્યવસ્થા અંગે પણ પરામર્શ કરવામાં આવ્યો હતો. આમ, જિલ્લા કલેકટરશ્રીએ આગવા અભિગમ સાથે રોડ સેફટીની બેઠક સ્થળ ઉપર યોજી,વાહન ચાલકોને પડતી મુશ્કેલીઓનો તાગ મેળવ્યો હતો.

આ તકે નેશનલ હાઈવે ઓથોરિટી, મહાનગર-પાલિકા, આરટીઓ, પોલીસ, માર્ગ અને મકાન સહિતના વિભાગના અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

**પ્રજાલક્ષી પ્રશ્નોના સત્વરે નિરાકરણ લાવવા સૂચના આપવામાં આવી**



જૂનાગઢ, તા.૧૮

જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જૂનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા માટે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવી હતી.

જિલ્લા કલેકટર કચેરીના ખાતે જિલ્લા મળેલી સંકલન આ બેઠકમાં ધારાસભ્યશ્રીઓ તરફથી રજૂ થયેલા પ્રશ્નોની સમીક્ષા કરતા કલેક્ટરશ્રીએ જનપ્રતિનિધિઓના પ્રશ્નો પરત્વે વિશેષ લક્ષ કેન્દ્રિત કરી, સમય મર્યાદામાં પ્રશ્નોનો નિકાલ લાવવા ઉપસ્થિત અધિકારીઓને નિર્દેશ આપ્યાં હતાં.

આ બેઠકમાં વીજળી, દબાણ, ટ્રાફિક, માવઠાથી પાક નુકસાની, વિકાસલક્ષી કામો, માર્ગ અને મકાન સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રશ્નો સંદર્ભે સંબંધિત અધિકારીઓએ જવાબ રજૂ કર્યા હતા. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી નિતીન સાંગવાન, નાયબ વન સંરક્ષક અક્ષય જોશી, નાયબ વન સંરક્ષક શ્રી પ્રશાંત તોમર, અધિક નિવાસી કલેકટર એન.એફ. ચૌધરી, ડીવાયએસપી પટણી, સહિતના સંલગ્ન અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરોની માંગ સાથે ખેડૂતોનો હોબાળો

**હરરાજી બંધ કરવી મામલતદાર કચેરીએ જઈ આવેદનપત્ર પાઠવ્યું**



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૧૮

કોડીનાર માર્કેટિંગ યાર્ડ માં મગફળી ની ટેકા ના ભાવે ખરીદી કરો ની માંગ સાથે ખેડૂતો નો હોબાળો મચાવી હરરાજી બંધ કરાવી મામલતદાર કચેરીએ પહોંચી સૂત્રોચાર સાથે આવેદનપત્ર પાઠવ્યું.જોકે આ મુદ્દે યાર્ડ સત્તાધીશો એ જણાવ્યું હતું કે હાલ ૧૦૦૦થી ૧૨૧૫ સુધી મગફળીના ભાવ યાર્ડ માં મળે જ છે.

કોડીનાર ખેતીવાડી ઉતપન્ન બજાર સમિતિમાં સરકારે બહાર પડેલા ટેકાના ભાવથી ખરીદી કરવાના મુદ્દે ખેડૂતોએ હોબાળો મચાવી મગફળી ની ખરીદી સરકારે બહાર પડેલા ૧૩૫૬ નાં ટેકા ના ભાવે ખરીદી કરવા ની જિદ્દ સાથે હોબાળો કરી હરરાજી બંધ કરાવી ખેડૂતોએ હરરાજી ઠપ્પ કરાવી યાર્ડના ગેટ ઉપર પોહચી રસ્તો બંધ કરાવી કોડીનાર મામલતદાર ઓફિસે પોહચી સૂત્રોચાર સાથે પોષણક્ષમ ભાવ મળવા મુદ્દે આવેદનપત્ર પાઠવ્યું.

કોડીનાર યાર્ડમાં આ મગફળીની ગુણવત્તાના આધારે વેપારીઓએ બજાર કિંમત આકતા હોય છે પણ છેલ્લા ૨ દિવસથી સરકારે કોડીનારમાં ટેકાના ૧૩૫૬ ભાવે મગફળી ખરીદવાનું શરૂ કરતાં આજે ખેડૂતોએ યાર્ડ માં પણ ટેકા ના ભાવેજ ખરીદી શરૂ કરવાની જીદ્દ કરી હોબાળો કરી હરરાજી બંધ કરવું હતી સાથો સાથ ખેડૂતોનું કહેવું છે કે, સરકાર માં મગફળી દેવામાં વારો આવતો નથી પેમેન્ટ મોડું મળે છે દરેક નાના ખેડૂત સરકારના મગફળી દેવામાં વાર લાગે છે એટલે અમારે યાર્ડમાં મગફળી દેવામાં આવવું પડે છે પણ સરકાર જે ભાવે મગફળી ખરીદે છે તે ભાવે યાર્ડમાં હરાજી કરાવે તો ખેડૂતોને ફાયદો થશે ખેડૂતો ને પણ આ વખતે પાક ઓછો થયો હોય અને તેમાં પણ ભાવ ઓછા મળવા થી બિયારણ કે મજૂરીના પૈસા પણ થતા ન હોય ખેડૂતોની હાલત પણ પડ્યા ઉપર પાટુ જેવી થઈ છે. જો કે આ સમગ્ર મામલે કોડીનાર માર્કેટ યાર્ડના સેક્રેટરી પિયુષભાઈ બારડે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતની બજારના મુજબ કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં પણ ૧,૦૦૦થી લઈને ૧૨૧૫ સુધી મગફળીની ગુણવત્તા મુજબના ભાવ મળે છે બજાર જાહેર છે. ભાવ વર્તમાનપત્રોમાં અને અન્ય તમામ જગ્યાએ જણસીના ભાવો જાહેર છે પણ સરકાર જે ભાવે મગફળી ખરીદે છે તે ભાવે જ યાર્ડમાં હરાજી શરૂ કરવી શક્ય નથી કારણ કે અલગ અલગ ગુણવત્તા વાળી મગફળી આવે છે. નબળી ગુણવત્તાઓની મગફળી ના પણ ઊંચા ભાવ દેવા એ વેપારીઓને પોષય તેમ ન હોય માટે ગુણવત્તા મુજબ યાડમાં સૌથી સારા ભાવ મળે જ છે અને યાર્ડ સેક્રેટરીએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે જો ખેડૂતોને મગફળીના ભાવ પરવડે તેમના હોય અને સરકારમાં દેવી હોય તો પણ છૂટ છે અને સર ભાવ મેળવવા ખેડૂતોએ રાહ જોવી જોઈએ.

# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ. દ્વારા પરીક્ષા પધ્ધતિમાં ડિઝીટલમોડનો પ્રારંભ

**પ્રશ્નપત્ર રવાનગી પ્રથામાં બદલાવ -હવે પરીક્ષાકેન્દ્રોને સાવચેતિનાં તમામ પાસા અનુસરીને ઈ-મેઈલથી પ્રશ્નપેપર થશે રવાનાં**



જૂનાગઢ, તા.૧૮

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સીટી દ્વારા આગામી સમયમાં યોજાનાર પી.જી. બી.એડ સેમેસ્ટર-૧ તેમજ પી.જી.,બી.એડ, એલ.એલ.બી, સેમેસ્ટર-૩ની પરીક્ષા યોજાનાર છે, ત્યારે પરીક્ષા પધ્ધતિમાં પરિવર્તન સાથે સરળીકરણ આવે તે દિશામાં યુનિ. દ્વારા પરીક્ષાપધ્ધતિનાં સઘળા માપદંડોને અનુસરીને પરીક્ષાલક્ષી ક્વેશન પેપર ડીલીવરી સીસ્ટમ નવી પધ્ધતિથી અમલવારી કરવામાં આવનાર છે. જેનાં પરિપાક સ્વરૂપ યુનિ. સંલગ્ન કાર્યક્ષેત્રીય ગિરસોમનાથ, પોરબંદર, દૈવભુમિ દ્વારકા જિલ્લાની વિવિધ કોલેજોનાં પરિક્ષાર્થિઓ જે પરીક્ષાકેન્દ્ર ખાતે ત્યાં ઈ-મેઈલ દ્વારા નિશ્ચિત સમયે પેપર રવાનગી કરવામાં આવશે, જેના માટે સંલગ્ન પરિક્ષા કેન્દ્રનાં આચાર્યશ્રીને યુઝર આઈ.ડી, પાસવર્ડ, ઓટીપી સિસ્ટમ દ્વારા પરિક્ષા પધ્ધતિની પારદર્શીતા બાબતે આજરોજ ઈન્ફ્રુયુનિટી વિભાગનાં પંકજભાઈ પાંઉ દ્વારા તાલીમ આપવાનો કાર્યક્રમ યુનિવર્સીટીનાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદીની અધ્યક્ષતામાં યોજવામાં આવ્યો હતો. આ તાલીમ કાર્યક્રમમાં પરિક્ષા દરમ્યાન સલામતિનાં, સાવચેતિનાં વિષયો અંગે પરિક્ષા સાથે સંકળાયેલ અધિકારીને માર્ગદર્શિત કરવા જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદભાઈ મહેતા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પરિક્ષા પધ્ધતિમાં સાંપ્રત ડિઝીટલ યુગમાં આવી રહેલ બદલાવો, અને તેની સ્વિકૃતિ અંગે કાર્ય સાથે સંકળાયેલ સૌ કર્મયોગીઓને કુલપતિ પ્રો.(ડો.) ત્રિવેદીએ માર્ગદર્શિત કર્યા હતા. તાલીમ કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત પોલીસ અધિક્ષકશ્રી હર્ષદ મહેતાએ શૈક્ષણિક ક્ષેત્રે સરકાર અને યુનિ. દ્વારા આવી રહેલ બદલાવો અને ડિઝીટલ યુગનાં સમયમાં કરવાપાત્ર ફેરફારોને કાર્ય સરળીકરણ રૂપે નીરખી પરિક્ષાકાર્ય સાથે સંકળાયેલ સૌને બિરદાવ્યા હતા. મહેતાએ આ તકે વિવિધ કોલેજોમાંથી પધારેલ આચાર્ય, પ્રાધ્યાપકગણને સંબોધતા જણાવ્યુ હતુ કે સાંપ્રત સમયમાં યુવાનો ડ્રગ્સનાં રવાડે ના ચડે તે દીશામાં કાળજી રાખવાની પોલીસ સાથે સામાજીક સંસ્થાઓ અને લોકોની પણ ફરજ છે. આજે ડ્રગ્સનું દુષણ નિવારવા અને સાયબર ફ્રોડનાં બનાવો સામે પડકાર ઝીલવા પોલીસ વિભાગ કમરકસી રહ્યો છે ત્યારે આ કાર્યમાં લોકસહયોગ પણ એટલોજ જરૂરી હોય આપશ્રી જ્યારે કોલેજકક્ષાએ યુવાનોનાં શૈક્ષણિક કાર્યથી જોડાયા હોય એવા સમયે વૈશ્વિક પડકારોવિષે લોકજાગૃતિ કેળવાઈ તે પણ ઈચ્છનિય છે.ક્વેશન પેપર ડિલીવરી સિસ્ટમનાં તાલીમ કાર્યક્રમ દરમ્યાનપરિક્ષા નિયામક ડો.ડી.એચ.સુખડીયા, યુનિ.નાં વિભાગીય વડા, વિવિધ પરિક્ષાકેન્દ્રોનાં આચાર્યો, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# યુ.એન.એફ. ફાઉન્ડેશન દ્વારા અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટના પ્રી-કર્સરમાં નૃત્યુ અને નાટકનું પ્રિમિયર યોજાશે

**૧૭મી નવેમ્બરે રંગમંચના કલાકાર ચેતન દૈયા અને કથક નૃત્યકાર ધ્રુતિ જોશી રોમાંચક પ્રસ્તૃતિ રજૂ કરશે**

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સંચાલિત યુ.એન.એમ. ફાઉન્ડેશનની પહેલ અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિનો અમદાવાદના આંગણે આગામી ૨૧ નવેમ્બરથી પ્રારંભ થઈ રહ્યો છે. એક પખવાડિયા સુધી ચાલનાર કલાના મહાસંગમ સમાન આ કાર્યક્રમના પ્રી-કર્સર તરીકે તારીખ ૧૭મી નવેમ્બરના નૃત્યુ અને નાટકનું જીવંત પ્રદર્શન યોજાશે. પ્રી-ઈવેન્ટ પ્રદર્શનમાં આઈકોનિક ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ ખાતે ગુજરાતી રંગમંચનું પ્રથમ હારોળનું નામ ગણાતા ચેતન દૈયા દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત વ્યંગાત્મક નાટ્ય પ્રસ્તૃતિને રજુ કરવામાં આવશે. ત્યાર બાદ કથક નૃત્યકાર (જયપુર ઘરાના)માં વિશારદ ધ્રુતિ જોશી દ્વારા શાનદાર નૃત્ય પ્રદર્શન રજુ કરવામાં આવશે. આ પ્રીમિયર પ્રદર્શન અમદાવાદના કલાપ્રેમી દર્શકોને આગામી છઠ્ઠી આવૃત્તિમાં તેમના માટે ક્યાં કયાં પ્રદર્શન છે તેની ઝલક આપશે.

અભિવ્યક્તિ- ધ સિટી આર્ટસ પ્રોજેક્ટની છઠ્ઠી આવૃત્તિ આગામી ૨૧મી નવેમ્બરે શરૂ થવા જઈ રહી છે, આ પ્રોજેક્ટ દેશભરના કલાકારોને એકમંચ ઉપર લાવે છે અને પ્રખ્યાત તેમજ ઉભરતી પ્રતિભાઓને તેમની કલાને રજુ કરવાનો એક ઉત્તમ મંચ પુરો પાડે છે.

પોતાની અગાઉની આવૃત્તિઓની જેમ જ અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ પણ પોતાની સાથે કલા અને પ્રદર્શનની નવી રજુઆતો સાથે દર્શકો માટે નવો એક અનુભવ લઈને આવી રહી છે. અભિવ્યક્તિ - ધ સિટી આર્ટસ પ્રોજેક્ટ માનવીની વિવિધ વાર્તાઓની વિશાળ તણા-બાણમાં વણાયેલ વિવિધ વિચારો અને પરિપ્રેક્ષ્યોને સામે લાવે છે, આ વર્ષની થીમ #StoriesFromTheSoul રાખવામાં આવેલ છે, જેના ઉપરથી જ સ્પષ્ટ થઈ જાય છે કે પ્રદર્શન નો ઉદ્દેશ્ય વ્યક્તિઓ વચ્ચે રહેલ કનેક્શન, અભિવ્યક્તિ અને સહિયારા અનુભવો સાથે દરેક હૃદયને સ્પર્શવાનો છે.

**અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ : એક સ્ટેજ ઉપર અદ્વિતિય અને ભવ્ય કલા પ્રદર્શન**

અભિવ્યક્તિ - ધ સિટી આર્ટ્સ પ્રોજેક્ટ એ ટોરેન્ટ ગ્રૂપના મહેતા પરિવાર સ્થાપિત યુ.એન.એમ ફાઉન્ડેશનની એક પહેલ છે, જે સ્થાન, મર્યાદા (શારીરિક અને વ્યક્તિગત) અને સામાજિક ભેદભાવ વગર કલાને દર્શકો સુધી પહોંચાડીને સામાજિક રચનાનો એક અભિન્ન ભાગ બનાવવાની પ્રયત્ન કરે છે. જેમાં દરેક વર્ગના લોકો માટે નિઃશુલ્ક પ્રવેશ છે.

અભિવ્યક્તિનું વિઝન અને મિશન ઉભરતી પ્રતિભાઓની ઓળખ કરવી, તેમને સમર્થન આપવુ અને તમામ શૈલીના કલાકારોને શહેરીજનો સમક્ષ પોતાની કલા રજુ કરવા માટે યોગ્ય મંચ પુરૂ પાડવાનો છે. અભિવ્યક્તિમાં નૃત્ય, સંગીત, ચિત્ર, ફોટોગ્રાફી, સ્થાપન અને રંગમંચથી માંડીને અસંખ્ય કલા સ્વરૂપોનો સમાવેશ થાય છે. અભિવ્યક્તિનો ઉદ્દેશ્ય આંતરરાષ્ટ્રીય ગુણવત્તાયુક્ત કલાને લોકો સુધી તદ્દન નિઃશુલ્ક પહોંચાડવાનો છે. અભિવ્યક્તિની છઠ્ઠી આવૃત્તિ ૨૧મી નવેમ્બરથી ૦૮મી ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન યોજાઈ રહી છે. આ વર્ષે ૪૯ કલાકારો ૫૦ પ્રદર્શન રજૂ કરશે. આ ઉપરાંત ૪૭ કલાકારો દ્વારા ૪૬ વિઝ્યુઅલ આર્ટ ડિઝાઈન અને સેટઅપ કરવામાં આવશે. કલા પ્રેમીઓ કાર્યક્રમની રૂપરેખા અને અન્ય માહિતી માટે www. abhivyaktiart. org પર લોગ ઓન કરી શકે છે અથવા ૭૦૬૯૧૦૪૪૪૪/ ૭૦૬૯૧૦૫૫૫૫નંબર ઉપર ફોન કરી શકે છે. પ્રવેશ નિઃશુલ્ક છે.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક યોજાઇ

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા, તા.૧૮

દેવભૂમિ દ્વારકા જિલ્લા માર્ગ સલામતી સમિતીની બેઠક કલેક્ટરશ્રી જી.ટી. પંડ્યાની અધ્યક્ષતામાં જિલ્લા સેવા સદન, ખંભાળિયા ખાતે યોજાઈ હતી. બેઠકની શરૂઆતમાં 'માર્ગ અકસ્માત પીડિત સ્મૃતિ દિન'ના ઉપલક્ષમા પીડિતો માટે મૌન અને ત્યારબાદ સભ્યશ્રીઓ દ્વારા માર્ગ અકસ્માત વખતે માનવજીવન બચાવવા મદદ કરવા અંગેની પ્રતિજ્ઞા લેવામાં આવી હતી.

આ બેઠકમાં કલેક્ટરે સભ્યો સાથે ચર્ચા દ્વારા માર્ગ સલામતીની સ્થિતિની સમિક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ તેમજ અકસ્માત સંભવિત ભાગોમાં જરૂરી સાઈનેજ, રીફલેક્ટર લગાવવા સંબંધિત અધિકારીશ્રીઓને તાકીદ કરી હતી. બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર ભૂપેશ જોટાણીયા, નાયબ પોલીસ અધિક્ષક હાર્દિક પ્રજાપતિ અને સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

# કારતક માસના ત્રીજા શનિવારે શ્રીકષ્ટભંજનદેવ દાદાને સફેદ ગુલાબ અને સેવંતીના ફુલનો દિવ્ય શણગાર

સાળંગપુર, તા.૧૮

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિતે તા.૧૬-૧૧-૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી દ્વારા તથા ૭:૦૦ કલાકે



શણગાર આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવેલ. દાદાને દિવ્ય વાઘાનો શણગાર તેમજ દાદાના સિંહાસન અને સફેદ ગુલાબ અને સેવંતીના ફુલનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો.

શ્રી કષ્ટભંજનદેવ દાદાને પ્રિય સુખડીનો અન્નકૂટ ધરાવાયો, સાથો સાથ મંદિરની યજ્ઞશાળામાં મારૂતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આખું મંદિર પરિસર દાદાના ભક્તોથી હકડેઠઠ ભરાઈ ગયું હતું. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કરેલ હતો.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વધતી ખાદ્ય મોંઘવારી

મોંઘવારી ફરી એક વખત આકાશને આંબી રહી છે. તે ૧૪ મહિનામાં સૌથી વધારે છે. ખાવા-પીવાની ચીજો મોંઘી થવાથી ઓક્ટોબરમાં છૂટક મોંઘવારી દર વધીને ૬.૨૧ ટકા પર પહોંચી ગયો છે. ઓગસ્ટ ૨૦૨૩માં મોંઘવારી દર ૬.૮૩ ટકા હતો. સપ્ટેમ્બરમાં પણ શાકભાજી મોંઘી હોવાથી છૂટક ફુગાવા દર ૫.૪૯ ટકા પર પહોંચી ગયો હતો. મોંઘવારી દર આરબીઆઈના લ-યથી વધારે છે. ઝારખંડ અને મહારાષ્ટ્રની વિધાનસભા ચૂંટણીઓમાં મોંઘવારી પણ એક મુદદો છે. છૂટક મોંઘવારી ભારતીય રિઝર્વ બેંકના છ ટકાના સંતોષજનક સ્તરથી ઉપર નીકળી ગઈ છે. ગયા વર્ષે આ જ મહિને ગ્રાહક મૂલ્ય સૂચકાંક (સીપીઆઈ) આધારિત ફુગાવો ૪.૮૭ ટકા હતો. ફુગાવાના બાસ્કેટમાં લગભગ ૫૦ ટકા યોગદાન ખાવા-પીવાની ચીજોનું હોયછે. રાષ્ટ્રીય સાંખ્યિકી કાર્યાલય (એનએસઓ)ના આંકડાથી ખબર પડે છે કે ખાદ્ય મોંઘવારી દર મહિનાના આધારે ૯.૨૪ ટકાથી વધીને ૧૦.૮૭ ટકા થઈ ગઈ છે, જે સપ્ટેમ્બરમાં ૯.૨૪ ટકા અને ગયા વર્ષે ઓક્ટોબરમાં ૬.૬૧ ટકા હતી. ગ્રામીણ મોંઘવારી દર પણ ૫.૮૭ ટકાથઈ વધીને ૬.૬૮ ટકા અને શહેરી મોંઘવારી દર ૫.૦૫ ટકાથી વધીને ૫.૬૨ ટકા થઈ ગઈ છે. એટલે કે દેશમાં દરેક ક્ષેત્રે મોંઘવારી વધી છે. આ આંકડાથી સ્પષ્ટ છે કે રિઝર્વ બેંકના મૌદ્રિક ઉપાયો છતાં સામાન્ય નાગરિકોને ખાદ્ય મોંઘવારીથી રાહત નથી મળી.

આરબીઆઈએ ગયા મહિને નીતિગત રેપો રેટને ૬.૫ ટકા પર યથાવત રાખ્યો હતો. સરકારે કેન્દ્રીય બેંકને ફુગાવાને ચાર ટકા (બે ટકા વધ-ઘટ) પર રાખવાની જવાબદારી આપેલી છે. છૂટક મોંઘવારી ગયા વર્ષે સપ્ટેમ્બરથી આરબીઆઈના છ ટકાના સંતોષજનક સ્તરની નીચે ચાલી રહી હતી. એનએસઓના આંકડા અનુસાર, ઓક્ટોબર દરમ્યાન 'શાકભાજી, ફળો અને તેલો તતા ચરબીયુક્ત વસ્તુઓની કિંમતોમાં ઘણો વધારો જોવા મળ્યો. રિટેલ મોંઘવારી ચાલુ નાણાંકીય વર્ષ (૨૦૨૪-૨૫)ની ત્રીજી ત્રિમાસિક માટે એમપીસીના અનુમાનથી ઓછામાં ઓછા ૦.૬-૦.૭ ટકા વધારે રહેવાની સંભાવના છે. તેનાથી એમપીસીની આગામી બેઠકમાં રેપો રેટમાં કપાતની શક્યતા જોવાય છે. હવે આગામી વર્ષથી જ રેપો રેટમાં અડધા ટકાની કપાતનો દોર શરૂ થઈ શકે છે. લાંબા સમયથી ઉદ્યોગ જગત રેપો રેટમાં કપાતની માંગ કરી રહ્યો છે. ઉચ્ચ રેપો રેટને કારણે લોન પર વ્યાજના દરો વધારે છે, તેનાથઈ હોમ, ઓટો અને ઉદ્યોગ ક્ષેત્ર પ્રભાવિત થઈ રહ્યા છે. ઉચ્ચ મોંઘવારી દર લોકોની ખરીદ અને બચત ક્ષમતાને પ્રભાવિત કરે છે, તેનાથી ઉદ્યોગ પણ પ્રભાવિત થાય છે. ક્રુડ ઓઈલ, કોમોડિટીની કંમતો, મેન્યુફેક્ટર્ડ કોસ્ટ ઉપરાંત કેટલીય અન્ય ચીજો પણ હોય છે, જેની છૂટક મોંઘવારી દર નક્કી કરવામાં મહત્ત્વની ભૂમિકા હોય છે. લગભગ ૩૦૦ સામાન એવા છે જેની કિંમતોના આધાર પર છૂટક મોંઘવારીનો દર નક્કી થાય છે. તેની કિંમતો ઉપરાંત આયાતી ફુગાવાના વધવા, જળવાયુ જોખમ, પૂરવઠા ચેઈનમાં અડચણને કારણે પણ મોંઘવારી વધે છે. જ્યારે દેશની મુદ્રાની માંગ અને પ્રોફેશનલ વિનિમય દરમાં ઘટાડો થાય છે તો તેની અસર પણ મોંઘવારીમાં દેખાયછે. ઉત્પાદન અને વિતરણમાં અદ્યતનીકરણની ઉણપ, અનિયમિતતામાં બાધાઓથી મોંઘવારી વધી જાય છે. ઉચ્ચ મોંઘવારીથી સમાજનો ગરીબ અને મધ્યમવર્ગ બેહાલ છે. તેથી સરકારે પૂરવઠા સસ્ટમ ઠીક કરવા પર ધ્યાન આપવું જોઈએ અને ખાદ્ય નિકાસને નિયંત્રિત કરવી જોઈએ. માત્ર રિઝર્વ બેંકના મૌદ્રિક ઉપાયોના ભરોસે રહીને મોંઘવારીને નિયંત્રત નહીં કરી શકાય.

### પાટીદારોના કાર્યક્રમમાં થયો વિવાદ

# ૧૩૫ લોકોના મોતના આરોપી જયસુખની મોદક તુલા કરાઈ

## કડવા પાટીદારોના એક કાર્યક્રમમાં જયસુખ પટેલની ભારોભાર મોદક જોખવામાં આવ્યા હતા



મોરબી, તા.૧૮

મોરબીમાં ઝૂલતા પૂલ દુર્ઘટના કાંડમાં આરોપી જયસુખ પટેલની મોદક તુલા કરવામાં આવી હોવાના દૃશ્યો સામે આવ્યા છે. કડવા પાટીદારોના એક કાર્યક્રમમાં જયસુખ પટેલની ભારોભાર મોદક જોખવામાં આવ્યા હતા. આ દૃશ્યો સામે આવતા અનેક પ્રકારના સવાલ ઉઠી રહ્યા છે. આખરે ૧૩૫ લોકોના મોતના જવાબદાર વ્યક્તિની મોદક તુલા કેમ તેવા પ્રશ્ન દરેક વ્યક્તિ ઉઠાવી રહ્યો છે.

મોરબીથી સૌથી વધુ ચોંકાવનારા અને મોરબી કેબલ બ્રિજ દુર્ઘટનામાં મૃત્યુ પામેલા ૧૪૧ મૃતકોના હતભાગી પરિવારોને આંચકો આપનારા સમાચાર સામે આવ્યા છે. મોરબી ઝૂલતા પૂલ દુર્ઘટનાના આરોપી જયસુખ પટેલની કડવા પાટીદારોના એક ધાર્મિક કાર્યક્રમમાં મોદક તુલા કરવામાં આવી. મોરબીમાં કેબલ બ્રિજ દુર્ઘટનામાં જયસુખ પટેલની કંપની દ્વારા નબળી ગુણવત્તાનું મટિરીયલ વાપરતા બ્રિજ તૂટ્યો હોવાનો ચોંકાવનારી હકીકત સામે આવી હતી. જેમા કોર્ટે જયસુખ પટેલને કસૂરવાર પણ ઠેરવ્યો છે. મોરબીમાં ૩૦ ઓક્ટોબર ૨૦૨૨નો એ ગોઝારો રવિવાર અનેક લોકો રવિવારની રજા અને દિવાળીનુ વેકેશન હોવાથી પરિવાર સાથે ઝૂલતા પૂલ પર બાળકો સાથે મજા માણવા માટે ગયા હતા અને બ્રિજ પર ક્ષમતા કરતા વધુ ભીડ થઈ જતા આ કેબલ બ્રિજ કડડભૂસ કરતા તૂટી પડ્યો અને બ્રિજ પર રહેલા તમામ લોકો નીચે મચ્છુ નદીમાં ખાબક્યા. જેમા અનેક નાના બાળકો સહિત ૧૪૧ લોકોના મોત થયા અને ૧૮૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા.

આ ઝૂલતા પૂલના નવિનીકરણનો કોન્ટ્રાક્ટ જયસુખ પટેલની ઓરેવા ગૃપની કંપનીને અપાયો હતો અને તપાસમાં સીધી રીતે કંપનીની બેદરકારી સામે આવી. આ કેબલ બ્રિજમાં અત્યંત નબળી ગુણવત્તાનું મટિરીયલ વપરાયુ હોવાનુ પણ સામે આવ્યુ ત્યારે કંપનીના માલિક સામે ગુનો નોંધાયો અને હાલ તે શરતી જામીન પર બહાર છે.

અહીં સૌથી મોટો સવાલ એ સર્જાય કે જે વ્યકિતનું આરોપીઓમાં નામ છે તેની મોદક તુલા કેમ? ૧૪૧ લોકોના મોતના આરોપીને સમાજનું સન્માન કેમ શું જયસુખ પટેલ સમાજનો મોભી બનવાનો પ્રયાસ કરી રહ્યો છે? શું આવા ધાર્મિક કાર્યક્રમોમાં મોદલ તુલાથી જયસુખના પાપ ધોવાઈ જશે? શું જયસુખ પટેલ નિર્દોષ હોવાનો દેખાડો કરી રહ્યો છે? ઘટના એક છે પરંતુ સવાલો અનેક આ દ્રશ્યોએ તમામ લોકોને પરેશાન કરનારા છે જેમણે ઝૂલતા બ્રિજ દુર્ઘટનામાં પોતાના વ્હાલસોયા ગુમાવ્યા છે.

આપને જણાવી દઈકે જયસુખ પટેલની મોદક તુલા બાદ ૬૦ હજાર બોકસમાં ભરીને, મોદક કડવા પાટીદાર પરિવારો સુધી પહોંચાડવામાં આવશે.

### ટ્રંપની જીત બાદ મળી પહેલી ગિફ્ટ!

# અમેરિકાએ ભારતને સોંપી ઈતિહાસની દુર્લભ કલાકૃતિઓ

## આ સંબંધમાં મેનહટનના પ્રોસીક્યુટર એલ્વિન બ્રેગે ભારતને ૧,૪૪૦ પ્રાચીન વસ્તુઓ પરત કરી છે



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮

ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો સતત મજબૂત થઈ રહ્યા છે. ભારતમાં મોદી સરકાર આવ્યા બાદ છેલ્લા ૧૧ વર્ષમાં અમેરિકા સહિત વિશ્વભરના દેશોમાંથી સેંકડો અમૂલ્ય પ્રાચીન વસ્તુઓની ચોરી કરીને ભારતમાં પરત કરવામાં આવી છે. આ સંબંધમાં મેનહટનના પ્રોસીક્યુટર એલ્વિન બ્રેગે ભારતને ૧,૪૪૦ પ્રાચીન વસ્તુઓ પરત કરી છે. આમાં પવિત્ર મંદિરની મૂર્તિઓનો પણ સમાવેશ થાય છે, જેને અમેરિકા સ્મગલ કરવામાં આવી હતી.

હોમલેન્ડ સિક્યુરિટી ઈન્વેસ્ટિગેશન્સ (HSI) ગ્રૂપ સુપરવાઈઝર એલેક્ઝાન્ડ્રા ડી આર્માસે ભારતના કોન્સ્યુલેટ જનરલ ખાતે આયોજિત એક સમારોહમાં કલાકૃતિઓ પરત કરી હતી, એમ પ્રોસિક્યુટર ઓફિસે ગુરુવારે જણાવ્યું હતું. આ કાર્યક્રમનું પ્રતિનિધિત્વ કોન્સ્યુલ જનરલ મનીષ કુલહારીએ કર્યું હતું. બ્રેગે કહ્યું, અમે ભારતીય સાંસ્કૃતિક વારસાને નિશાન બનાવતા અનેક ચોરી નેટવર્કની તપાસ કરવાનું ચાલુ રાખીશું.'

અમેરિકન એજન્સીઓ અનુસાર, આ અત્યંત પ્રાચીન વસ્તુઓ ગુનાહિત ચોરીના નેટવર્કની તપાસ દરમિયાન મળી આવી હતી. જેમાં એન્ટીક સ્મગલર્સ સુભાષ કપૂર અને નેન્સી વેઈનરનો સમાવેશ થાય છે.

તમને જણાવી દઈએ કે કપૂરને ભારતમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો જ્યારે વેઈનરને અમેરિકામાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો.

HSI ન્યુયોર્ક સ્પેશિયલ એજન્ટ ઈન ચાર્જ વિલિયમ એસ. "આજનું વળતર એ આંતરરાષ્ટ્રીય તપાસનું પ્રતીક છે જે ઘણા વર્ષોથી ચાલુ છે," વોકરે કહ્યું. આ તપાસ ઈતિહાસના સૌથી કુખ્યાત ગુનેગારોમાંથી એક દ્વારા ચોરી કરાયેલી પ્રાચીન વસ્તુઓ વિશે છે." મેનહટન પ્રોસિક્યુટરના એન્ટિક્વિટીઝ ટ્રાફિક યુનિટ (એટીયુ) દ્વારા જપ્ત કરવામાં ન આવે ત્યાં સુધી કેટલીક પ્રાચીન વસ્તુઓ સંગ્રહાલયોમાં પ્રદર્શિત કરવામાં આવી હતી.' તમને જણાવી દઈએ કે પીએમ મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનના પ્રશાસને વિદેશમાં તસ્કરી કરાયેલી ૨૯૭ પ્રાચીન કિંમતી વસ્તુઓ ભારતને સોંપી હતી.

# મહારાષ્ટ્રમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન એક્ટર ગોવિંદાની તબિયત લથડી




(સંપૂર્ણ સમાચાર સેવા)
મુંબઈ, તા.૧૮

અભિનેતા ગોવિંદા શનિવારે જલગાંવ જિલ્લામાં વિધાનસભા ચૂંટણી માટે મહાયુતિ માટે પ્રચાર કરવા આવ્યા હતા. પચોરામાં તેમનું ભવ્ય સ્વાગત કર્યું. ત્યારબાદ જ્યારે રોડ શો ચાલી રહ્યો હતો, થોડી વાર બાદ તેમની તબિયત ખરાબ થવા લાગી, જેવું તેમને છાતીમાં દુખાવો થવા લાગ્યો અને ગોવિંદાને પગમાં દુખાવો થવા લાગ્યો.

ત્યારબાદ તેમણે અધવચ્ચે રોડ શો છોડી દીધો અને મુંબઈ જવા રવાના થઈ ગયા. આપને જણાવી દઈએ કે, પૂર્વ સાંસદ રહી ચૂકેલા ગોવિંદાએ થોડા દિવસ પહેલા એકનાથ શિંદેની પાર્ટી શિવસેનામાં જોડાયા હતા અને મહારાષ્ટ્ર ચૂંટણીમાં તેઓ શિવસેનાના ઉમેદવારને સમર્થન કરી રહ્યા છે. તો વળી આ અવસરે બોલતા તેમણે કહ્યું કે, "તમામ લોકોએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે ઊભા રહેવું જોઈએ અને મહાયુતિ ઉમેદવાર કિશોર પાટિલને ભારે બહુમતથી જીતાડવા જોઈએ. હું કિશોર પાટિલને શુભકામનાઓ આપું છું." તેમણે કહ્યું કે, કિશોર પાટિલ સાથે મુખ્યમંત્રી એકનાથ શિંદે અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પણ છે. તેઓ દેશની પ્રગતિ સાથે છે. પ્રાર્થના કરો કે કિશોર પાટિલ જીતે. હું અહીંથી જઈ રહ્યો છું કેમ કે મારી તબિયત ઠીક નથી. હું અહીના લોકોની માફી માગું છું. તેમણે કહ્યું કે, અહીંના લોકોએ મને ખૂબ પ્રેમ આપ્યો છે. મારી તબિયત સારી નથી. મને છાતીમાં દુખાવો થઈ રહ્યો છે. કેમ કે હું કંઈ જોખમ લેવા નથી માગતો, એટલા માટે આ રોડ શો વચ્ચે છોડીને પાછો મુંબઈ જઈ રહ્યો છું.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ગરીબ રોટીને શોધે છે અને અમીર ભૂખને...!

- ડેનિશ કહેવત

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૧, શા. શાકે. ૧૯૪૬, પા.તીર-૧૩૯૪, મુ. જમાદુલ અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૧, કચ્છી સં. ૨૦૮૧, કારતક વદ-૩ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૮:૪૦ ક.) તા.૧૮ નવેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૧૫, મૃગશીર્ષ નક્ષત્ર, સિધ્ધિ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૭:૦૭, સૂ.અ.૬:૦૫


આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

### હવે તણાવ ઓછો કરવા પર ધ્યાન : વિદેશ મંત્રી

# LAC પર સેનાઓના પાછળ હટવાનું કામ પૂર્ણ : જયશંકર



(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮

વિદેશ મંત્રી એસ. જયશંકરે શનિવારે કહ્યું કે, પૂર્વ લદાખમાં LAC પર ચીનની સાથે સમસ્યાના ઉકેલના એક ભાગ તરીકે ગત મહિને સહમતિ બાદ સેનાઓના પાછળ હટવાનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે અને હવે તણાવ ઓછો કરવા પર ધ્યાન રહેશે.

જયશંકરે સૈન્ય વાપસી બાદ ભારત અને ચીન વચ્ચે સંબંધોમાં સુધારાની આશાને યોગ્ય અનુમાન ગણાવ્યું, પરંતુ એ કહેવાથી બચ્યા કે દ્વિપક્ષીય સંબંધો જૂની રીતે સ્થાપિત થઈ શકે છે. તેમણે કહ્યું કે, હું સેનાઓને પાછળ હટવાને માત્ર તેમને પાછળ હટવાના રૂપ તરીકે જોઉં ચું, ન તેનાથી વધુ કંઈ અને ન તેનાથી ઓછું કંઈ.

જો તમે ચીનની સાથે વર્તમાન સ્થિતિને જુઓ છો તો આપણી સામે એક એવો મુદ્દો છે કે આપણા સૈનિક અસ્વસ્થતાપૂર્વક વાસ્તવિક નિયંત્રણ રેખાની નજીક છે, જેના કારણે આપણે તેને પાછળ હટાવવાની જરૂર પડી. તેના માટે ૨૧ ઓક્ટોબરની આ સહમતિ સેનાઓને પાછળ હટાવવાથી જોડાયેલી સહમતિઓમાં અંતિમ હતી. તેના અમલીકરણની સાથે જ આ સમસ્યનાના ઉકેલની દિશામાં સેનાઓના પાછળ હટવાનું કામ પૂર્ણ થઈ ગયું.

જયશંકરની ટિપ્પણી આ સવાલના જવાબમાં આવી કે ગત મહિને બંને પક્ષો દ્વારા સેનાઓને પાછળ હટાવવી ભારત અને ચીન વચ્ચે સંબંધો જૂની રીતે સ્થાપિત થશે?. વિદેશ મંત્રીએ કહ્યું કે, સંબંધોની હાલની સ્થિતિ એ નિષ્કર્ષ પર નથી પહોંચતી.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૧૮-૧૧-૨૦૨૪ થી ૨૪-૧૧-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

કાર્યની અધિકતાને કારણે અત્યંત વ્યસ્ત રહેવાય. શત્રુપક્ષની પ્રબળતા વધે. અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. મનમાં અકારણ ગુસ્સાનો અનુભવ થાય. ધાર્મિક કાર્યમાં ધન વપરાય. જમીન સંબંધિત કાર્યમાં સફળતા મેળવી શકશો. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની સાવચેતી રાખવી. પ્રવાસ દરમિયાન મુસાફરીમાં સફળતા મળે. ભાગીદાર વર્ગ સાથે મનદુઃખ રહે. સાહસિક કાર્યોમાં સફળતા મળે.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સમય તમારા માટે મધ્યમ અને મિશ્રફળદાયી નીવડે. નવિન મકાન, વાહન આદિની ખરીદીના યોગ છે. રચનાત્મક કાર્યોમાં રૂચિ વધે. અધ્યાત્મિક અભિરૂચિમાં વધારો થાય. આમોદ-પ્રમોદની અધિક્તા રહે. લગન અને મહેનતથી અણધારી સફળતા પ્રાપ્ત થાય. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. નવિન ખરીદી થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યો વિલંબમાં પડે. ગૃહજીવનમાં આનંદ રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

આ સપ્તાહ જરા સંઘર્ષસભર વ્યતિત થાય. ખાસ તો કાર્યબોજ વિશેષ રહે જેથી માનસિક ટેન્શન અને અકારણ ક્રોધના ભોગ બની ન જવાય તે માટે ખાસ સાવચેતી રાખવી નહિંતર પાછળથી પસ્તાવાનો વારો આવે. આત્મવિશ્વાસ અને પુરૂષાર્થથી આ સમય દરમિયાન પ્રગતિ કરી શકશો. પડવા-વાગવાથી સંભાળવું. પરોપકારને લગતા કાર્યો ટાળવા. નહિંતર પીડા વેઠવી પડે. ગુપ્ત ષડયંત્રના ભોગ ન બનો તેની ખાસ કાળજી રાખવી.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

સામાજિક કાર્યોમાં સફળતા અપાવનારું આ સપ્તાહ તમને માનસિક મુંઝવણમાંથી બહાર લાવશે. સંતાન સંબંધિ ચિંતા દૂર થાય. મનની પ્રફુલિતતામાં વધારો થાય. માંગલિક કાર્યો અંગેની ગોઠવણ થાય. દોડાદોડીમાં ઘટાડો થાય. ક્રોધ ઉપર કાબુ રાખવો. નવિન મોજ-શોખની વસ્તુની ખરીદી નકારી ન શકાય. અલબત્ત ખાવા-પીવા અને આનંદ-પ્રમોદ પાછળ નાણું વપરાય તેવા યોગ છે. આકસ્મીક પ્રવાસનું આયોજન થાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સપ્તાહ દરમિયાન નવી ઓળખાણો લાભદાયી નીવડે તેમજ જૂની ઓળખાણો પણ સફળતા માટે મદદરૂપ નીવડે. વડીલવર્ગ સાથે મનદુઃખ ઊભું થાય પરંતુ પાછળથી સુલેહ થઈ જાય. અધિકારી વર્ગ સાથે ચકમક ઝરે. જોખમી કાર્યો ટાળવા હિતાવહ. નાણાંકીય લાભ મેળવી શકશો. આકસ્મીક ધન લાભ થાય. પ્રિયજન સાથે વિશેષ લગાવ રહે. વાણી સંયમ જાળવવો હિતાવહ.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આકસ્મીક ખર્ચના ભોગ બનવું પડે. વ્યર્થ વાદ-વિવાદથી દૂર રહેવું નહિંતર પીછેહટ કરવાનો વખત આવે. બૌધિક કાર્યમાં અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. રાજકીય બાબતોને લગતા કાર્યોમાં સાવચેતી રાખવી. હિતશત્રુઓ સ્વમાનભંગ માટે પ્રયત્નશીલ બને પરંતુ તેમની દાળ ગળે નહીં. નાણાંકીય તંગી સપ્તાહની શરૂઆતમાં અનુભવાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

વિદ્યાભ્યાસ કરતા વ્યક્તિઓ માટે આ સપ્તાહ શુભ ફળદાયી નીવડે. અટકી પડેલા કાર્યો મંદગતિએ આગળ વધે. સંતાનવર્ગ બાબતેની ચિંતા રહે. અકારણ મનમાં ચિંતા રહે. મુસાફરીનું આકસ્મીક આયોજન નકારી ન શકાય. મિત્રો-સ્નેહિજનોથી સારો લાભ પ્રાપ્ત કરી શકશો. પરિવારના કાર્યોમાં સફળતા મળે. તેમજ યશ-વૃધ્ધિ પણ થાય.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન થોડી આર્થિક મૂંઝવણ અનુભવાય. નોકરીયાત વર્ગ માટે બદલી-બઢતીના યોગ સર્જાય. વ્યાપારી વર્ગ માટે મધ્યમ સમય છે. હિતશત્રુઓથી સાવચેતી રાખવી હિતાવહ છે. માંગલિક કાર્ય માટે આયોજન થાય. આરોગ્ય બાબતે આ સપ્તાહ દરમ્યાન ખાસ ચિંતા જેવું નથી. તમે કરેલું આયોજન ગુપ્તતાપૂર્વક પાર પાડવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. કાર્યબોજમાં વધારો જોવા મળે. જો કે, તેનું શુભ ફળ પણ મેળવી શકશો.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આ સપ્તાહ દરમિયાન સંતાનવર્ગ સંબંધિત ચિંતા રહે. પારિવારીક સમસ્યા પ્રબળ બને. હરિફવર્ગને પીછેહટ કરવી પડે. જૂના સંબંધીઓની મદદ મળે. મહત્વના નિર્ણયો આ સપ્તાહ દરમ્યાન મોકુફ રાખવા હિતાવહ. યશ,માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. વ્યાપાર-ધંધામાં વૃધ્ધિ થશે. આવક સંબંધી નવા માર્ગ ખુલે, મનની મુંઝવણ દૂર કરી શકશો. આકસ્મીક આર્થિક ખર્ચનો નાનો પ્રસંગ બને. યાત્રા-પ્રવાસ ટાળવો હિતાવહ.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

તંદુરસ્તી બાબતે ખાસ સાવચેતી રાખવી. પ્રતિકૂળ સમય હોઈ નાણાંકીય રોકાણકારોએ શક્ય હોય તેટલું રોકાણ ટાળવું. ભાઈ-બહેનના સહકારથી કાર્ય સફળતાથી પાર પાડી શકશો. જો કે, દાંપત્યજીવનમાં મતભેદ રહે. આર્થિક સમસ્યા હળવી બને. અટકી પડેલા કાર્યો પૂર્ણ કરી શકશો. નોકરીયાત વર્ગને આકસ્મીક લાભ થાય. સામાજિક કાર્યો અટકી-અટકીને પૂર્ણ થાય. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં રૂકાવટ આવે. અકસ્માતથી સંભાળવું.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

મનની મુરાદ પૂરી થાય. અતિ મહત્વના કાર્યોમાં સફળતા મેળવી શકશો. ધીરજપૂર્વક કાર્યક્ષેત્રમાં આગળ વધવાથી સફળતા પ્રાપ્ત કરી શકશો. પ્રવાસ ઉત્સાહભર પૂર્ણ કરી શકશો. સંપત્તિને લગતા કાર્યોમાં ઉત્તરોત્તર પ્રગતિ કરી શકશો. માનસિક તનાવમાંથી મૂક્તિ મળે. અણધારી સફળતા પ્રાપ્ત કરી શકશો. કલા-સાહિત્ય ક્ષેત્રે વિશેષ લગાવ રહે. મનની મૂંઝવણ દૂર કરી શકશો.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

પારિવારીક મદદથી અત્યંત અગત્યના કાર્યોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથી પ્રત્યે વિશેષ લગાવ રહે. સામાજિક કાર્યમાં સફળતા મળે. અકારણ વિવાદથી દૂર રહેવું. મન પ્રફુલિત રહે. નવિન આનંદદાયક સમાચાર મળે. શત્રુવર્ગ નિર્બળ બને. જો સમસ્યા હોય તો તેનું સમાધાન થાય તેવો સમય છે. આ સમય દરમિયાન મુસાફરી ટાળવી હિતાવહ.

# પ્રિયંકા ગાંધીએ ‘AQI 35' સાથેની દિલ્હીની ઝેરી હવાની તુલના ‘ગેસ ચેમ્બર’ સાથે કરી



નવી દિલ્હી તા.૧૮

દિલ્હીમાં તાજેતરના અઠવાડિયામાં સૌથી ખરાબ વાયુ પ્રદૂષણ સ્તર રહ્યા છે અને કેરળના વાયનાડમાં લોકસભામાં ચૂંટણી લડનારા વરિષ્ઠ કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ રાજધાનીની હવાની ગુણવત્તાની સ્થિતિ ઉપર આઘાત વ્યક્ત કર્યો હતો. શહેરની ઝેરી હવા ‘ગંભીર’ શ્રેણીમાં જોવા મળી રહી છે અને ગાંધીએ દિલ્હીની તુલના ‘ગેસ ચેમ્બર’ સાથે કરી હતી. તેણીએ કહ્યું કે, વાયનાડમાં હવા સ્વસ્થ છે અને ત્યાંથી દિલ્હી પરત આવવું તે ગેસ ચેમ્બરમાં પ્રવેશવા જેવું હતું. હવામાં જોવામાં આવે ત્યારે ધુમ્મસની ચાદર વધુ આઘાતજનક હોય છે. હાલના દિવસોમાં દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) એલાર્મિંગ ૪૨૮ ઉપર પહોંચ્યો છે ત્યારે પ્રિયંકા ગાંધી વાડ્રાએ આ ટિપ્પણી કરી છે. આ સતત ‘ગંભીર’ શ્રેણીમાં છે. પ્રદૂષણના આ સ્તરને કારણે રહેવાસીઓ માટે સ્વાસ્થ્ય સમસ્યાઓ ઊભી થઈ છે, જેમાં શ્વસન સંબંધી સમસ્યાઓ અને આંખની બળતરા જેવી સમસ્યાઓ વ્યાપક બની રહી છે, જ્યારે શેરીઓમાં દૃશ્યતા ગંભીર રીતે ઘટી ગઈ છે. પ્રિયંકા વાડ્રાએ જણાવ્યું હતું કે, પ્રદૂષણની કટોકટીને કાયમી ઉકેલ માટે સામૂહિક પ્રયાસની જરૂર છે. દિલ્હીનું પ્રદૂષણ દર વર્ષે વધુ ખરાબથાય છે. આપણે ખરેખર એકસાથે મળીને સ્વચ્છ હવા માટે ઉકેલ શોધવો જોઈએ. તે આ પક્ષ અથવા રાજકારણથી અલગ છે; ખાસ કરીને બાળકો, વડીલો અને શ્વસન સમસ્યાઓ ધરાવતા લોકો માટે શ્વાસ લેવો વ્યવહારીક રીતે અશક્ય છે. X ઉપરની તેણીની પોસ્ટના જવાબમાં એક વપરાશકર્તાએ ટિપ્પણી કરી કે, કોઈ વ્યક્તિ વાયનાડની તુલના દિલ્હી સાથે કરી શકે નહીં. વાયનાડમાં ગાઢ જંગલ અને વૃક્ષો છે. વાહનોની સૌથી ઓછી સંખ્યા અને ઉદ્યોગોની સૌથી ઓછી સંખ્યા છે. અહેવાલો અનુસાર દિલ્હીમાં લગભગ ૭૯.૫ લાખ વાહનો છે, જેમાં ૨૦.૭ લાખ ખાનગી કારનો સમાવેશ થાય છે. દિલ્હીએ જાહેર પરિવહન વ્યવસ્થા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. અન્ય એક યુઝરે કટાક્ષ કરતા કહ્યું કે, ૫૦ વર્ષ દિલ્હીમાં રહ્યા બાદ પ્રિયંકાને હવે આ તફાવતની જાણ થઈ છે. મહાન વાડ્રા ગાંધી. પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું હોવાથી દિલ્હી એરપોર્ટે મુસાફરો માટે એક એડવાઈઝરી જારી કરી છે. તમામ ફ્લાઈટ કામગીરી સામાન્ય રહી હતી, ત્યારે શહેરને આવરી લેતા ગાઢ ધુમ્મસને કારણે ‘લો વિઝિબિલિટી પ્રોસિજર’ લાગુ કરવામાં આવી હતી. મુસાફરોને ફ્લાઈટની અપડેટ માહિતી માટે તેમની સંબંધિત એરલાઈન્સનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવી હતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)એ હાલમાં જ AQI 428 સ્તરનો અહેવાલ આપ્યો છે, જે પ્રદૂષણ સંકટની ગંભીરતાને સૂચવે છે. ભારતના હવામાન વિભાગના જણાવ્યા અનુસાર પવનની વધેલી ઝડપ પરિસ્થિતિને સુધારવામાં મદદ કરી શકે છે, આગામી દિવસોમાં AQI ‘ખૂબ નબળી’ શ્રેણીમાં આવવાની ધારણા છે.

## સિમલામાં વિશ્વનો બીજો સૌથી લાંબો રોપ-વે ૧૩ સ્ટેશન સાથે બાંધવામાં આવશે

સિમલા, તા.૧૮

હિમાચલ પ્રદેશની રાજધાની જે પર્વતોની રાણી તરીકે ઓળખાય છે એ સિમલામાં વિશ્વનો બીજો સૌથી લાંબો રોપ-વે બાંધવામાં આવશે. ભારતના સૌથી મોટા રોપ-વેના બાંધકામ માટે ટૂંક સમયમાં ટેન્ડર બહાર પાડવામાં આવશે. કુલ ૧૩.૭૯ કિ.મી. લાંબો રોપ-વે બની જવાથી શહેરમાં ગીચ ટ્રાફિકની સમસ્યા હળવી થશે. રોપ-વે ૬૬૦ જેટલી ટ્રોલી, ૧૩ સ્ટેશન અને ૩ લાઈનનો બનેલો હશે જેના થકી દર કલાકે ૬,૦૦૦ લોકોની અવરજવર થઈ શકશે. પ્રોજેક્ટનો અંદાજિત ખર્ચ રૂા.૧,૭૩૪ કરોડ થવાનો છે. ન્યુ ડેવલપમેન્ટ બેન્ક તરફથી નાણાકીય સહાય મળશે. બે તબક્કામાં કામ પૂરૂં થશે. પહેલો તબક્કો ત્રણ વર્ષમાં પૂરો થશે. એનડીબી દ્વારા પર્યાવરણ મંજૂરી માટે રૂા.૨૦ કરોડનો બજેટ ફાળવવામાં આવ્યો છે. આ સુવિધા મળવાથી પ્રવાસીઓને પણ લાભ મળશે અને રાજયના પ્રવાસન ઉદ્યોગને વેગ મળશે.

## ચીને બીજું પાંચમી પેઢીનું લડાકૂ વિમાન લોન્ચ કર્યું હૂબહુ અમેરિકાના આ વિમાન જેવું જ લાગે છે

(એજન્સી) તા.૧૮

ચીને તેની સૈન્ય તાકાત વધારી છે. આ સાથે જ ચીને પણ અમેરિકાની બરાબરી કરી લીધી છે. વાસ્તવમાં ચીને તેના એર શોમાં ૫મી પેઢીના ફાઈટર એરક્રાફ્ટને દુનિયા સમક્ષ રજૂ કર્યું છે. ચીને આ ફાઈટર જેટને ૧૨ નવેમ્બરથી શરૂ થયેલા ચાઈના ઈન્ટરનેશનલ એવિએશન એન્ડ એરોસ્પેસ એક્ઝિબિશનમાં પ્રદર્શિત કર્યું હતું. આ ફાઈટર જેટનું નામ શેનયાંગ જે-૩૫ છે. આ બીજું ૫મી પેઢીનું ફાઈટર જેટ છે, જેને ચીની સેનાનો ભાગ બનાવવામાં આવ્યો છે. તે માત્ર બેઈજિંગમાં જ બનાવવામાં આવ્યું હતું, પરંતુ આખી દુનિયા તેના ઉપર નજર રાખી રહી છે કારણ કે તેના ઉપર ઘણા સવાલો ઉભા થઈ રહ્યા છે. અમેરિકાએ ફરી એકવાર ચીન ઉપર નકલ કરવાનો આરોપ લગાવતા સવાલો ઉભા કર્યા છે. ચીનનું નવું ફાઈટર જેટ તેના લુકને કારણે ચર્ચામાં છે, કારણ કે આ ફાઈટર જેટ અમેરિકાના F-35 ફાઈટર જેટની નકલ હોવાનું કહેવાય છે. શેન્યાંગ J-35ની ડિઝાઈન અમેરિકાના ૫મી પેઢીના ફાઈટર જેટ લોકહીડ માર્ટિન F-35 જેવી જ છે. બંને વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે ચીનના જેટમાં ૨ એન્જિન છે અને તે સિંગલ સીટર સુપરસોનિક એરક્રાફ્ટ છે. અમેરિકાના જેટમાં એક એન્જિન છે. અમેરિકાએ અગાઉ પણ ચીન ઉપર તેના વિમાનોની ડિઝાઈનની નકલ કરવાનો આરોપ લગાવ્યો છે. ચીનના પ્રથમ ૫મી પેઢીના ફાઈટર જેટ J-20ની ડિઝાઈન અમેરિકાના ફાઈટર જેટ F-22 રેપ્ટર જેવી જ છે. ચેંગડુ જે-૧૦ની ડિઝાઈન અમેરિકાના ફાઈટર જેટ એફ-૧૬ જેવી છે. હવે નવા ફાઈટર જેટની પણ નકલ કરીને ‘કલંકિત’ થઈ ગયું છે. ચીનનું નવું ફાઈટર એરક્રાફ્ટ મલ્ટીરોલ્સ રમવામાં અસરકારક છે. તે સ્ટીલ્થ બોડી ધરાવતું સુપરસોનિક એરક્રાફ્ટ છે. ચીને તેના બે વર્ઝન બનાવ્યા છે. એક એરફોર્સ માટે અને બીજું એરક્રાફ્ટ કેરિયર માટે છે. જો કે આ ફાઈટર જેટને સેવામાં જોડવા અંગે હજુ સુધી કોઈ જાહેરાત કરવામાં આવી નથી,

# ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરીના કેસમાં ઝારખંડ, પશ્ચિમ બંગાળમાં EDના દરોડા

(એજન્સી) તા.૧૮


EDએ ભારતમાં બાંગ્લાદેશીઓની ઘૂસણખોરી મામલે તપાસ શરૂ કરી છે. એજન્સીએ મની લોન્ડરિંગ એંગલની તપાસ માટે આ કેસમાં ૧૭ ઠેકાણા ઉપર દરોડા પાડ્યા છે. આ દરોડા ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં પાડવામાં આવ્યા છે. ઝારખંડ ચૂંટણી માટે પ્રચાર કરી રહેલા અમિત શાહે ફરી બાંગ્લાદેશી ઘૂસણખોરોની રાજ્યમાં હાજરીનો મુદ્દો ઉઠાવ્યો હતો. હવે એક દિવસ બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે આ મામલે મોટી કાર્યવાહી કરી છે. ગેરકાયદેસર બાંગ્લાદેશી ઘૂસણખોરી કેસમાં EDએ ઝારખંડ અને પશ્ચિમ બંગાળમાં દરોડા પાડ્યા છે. EDએ પશ્ચિમ બંગાળ અને ઝારખંડમાં બાંગ્લાદેશી નાગરિકોની ઘૂસણખોરી સાથે જોડાયેલા મની લોન્ડરિંગની તપાસના સંબંધમાં અનેક ઠેકાણે દરોડા પાડ્યા હતા. સત્તાવાર સૂત્રોએ આ માહિતી આપી છે. તપાસ એજન્સીના ઝારખંડ કાર્યાલયના અધિકારીઓ બંને પાડોસી રાજ્યોમાં કુલ ૧૭ ઠેકાણાએ સર્ચ ઓપરેશન ચલાવી રહ્યા છે. EDએ ઝારખંડમાં કેટલીક બાંગ્લાદેશી મહિલાઓની કથિત ઘૂસણખોરી અને તસ્કરીના એક કેસની તપાસ માટે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) હેઠળ સપ્ટેમ્બરમાં એક કેસ નોંધ્યો હતો. એવો આરોપ છે કે, ઘૂસણખોરી અને દાણચોરી દ્વારા ગુનાહિત આવક ઊભી કરવામાં આવી હતી. એજન્સી દ્વારા PMLAની વિવિધ કલમો હેઠળ દાખલ કરવામાં આવેલ એન્ફોર્સમેન્ટ કેસ ઈન્ફોર્મેશન રિપોર્ટ (ECIR) જુન મહિનામાં




રાજધાની રાંચીમાં બરિયાતુ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવેલી ઝારખંડ પોલીસની એક FIR ઉપર આધારિત છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતીય જનતા પાર્ટીના અન્ય નેતાઓએ તાજેતરમાં ચૂંટણી પ્રચાર દરમ્યાન રાજ્ય સરકાર પર એવી ઘૂસણખોરીને પ્રોત્સાહિત કરવાનો આરોપ લગાવ્યો છે, જેનાથી આદિવાસી બહુલ સંથાલ પરગના અને કોલ્હાન ક્ષેત્રોના વસ્તી વિષયક લેન્ડસ્કેપમાં બદલાવ આવ્યો છે. પીએમ નરેન્દ્ર મોદી અને ભાજપના અન્ય નેતાઓનું કહેવું છે કે, આમાં રાજ્ય સરકારનો હાથ છે અને તે આવી ઘૂસણખોરીને પ્રોત્સાહન આપી રહી છે. આ પ્રકારની ઘૂસણખોરી એટલા માટે કરવામાં આવી રહી છે કે જેથી ઝારખંડની ડેમોગ્રાફીમાં ફેરફાર કરી નાખવામાં આવે અને તેનો ફાયદો ઉઠાવી શકાય.

### ગુજરાત સરકાર સાથે કંપની દ્વારા મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં કરાયા MOU

# ધોલેરા SIRમાં વૈશ્વિક અગ્રણી કંપની જેબિલ ૧૦૦૦ કરોડનું રોકાણ કરશે



ગાંધીનગર, તા.૧૮

ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજનમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના રોકાણ સાથે ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ સર્વિસીસ ઈસ્જી યુનિટ શરૂ કરવાની નેમ લેવામાં આવી છે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની મેઈક ઈન ઈન્ડિયા પહેલને આ MOUથી વેગ મળશે. તેવી વાત સાથે MOU કરાયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતની ટેક ઈકો સિસ્ટમમાં નવું સીમાચિહ્ન ઉમેરતા રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગે વૈશ્વિક અગ્રણી જેબિલ સાથે એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર MOU કર્યો છે. ભારત સેમિકન્ડક્ટર મિશન, ઈન્ડિયા એઆઈ મિશન, નેશનલ ક્વોન્ટમ મિશન જેવી અગ્રણી પહેલો સાથે AI, IOT અને 5G ટેકનોલોજી સાથે ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદન ઉદ્યોગો મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવા સજ્જ થયેલ છે. ત્યારે ગુજરાત આ પરિવર્તન યાત્રામાં અગ્રેસર છે તેને વધુ વેગવંતી બનાવવામાં આ MOU એક વધુ સફળ કદમ બનશે. સરકારના સાયન્સ એન્ડ ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ અને એન્જીનિયરીંગ, મેન્યુફેક્ચરિંગ અને સપ્લાય ચેઈન સોલ્યુશન્સમાં વર્લ્ડ લીડર જેબિલ વચ્ચે થયેલા આ રૈં અનુસાર ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન DSIRમાં ૧૦૦૦ કરોડ રૂપિયાના સંભવિત રોકાણોની નેમ જેબિલ ધરાવે છે. આ નવા યુનિટ સાથે જેબિલ અને ગુજરાત સરકાર સાથે મળીને નેટવર્કિંગ, કેપિટલ ગુડસ, ઓટોમોટિવ અને અન્ય વિષયમાં પણ ધ્યાન કેન્દ્રિત કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં થયેલા આ MOU અન્વયે આગામી ૨૦૨૭ સુધીમાં કંપનીનું કાર્યક્ષેત્ર વિસ્તરવા સાથે અંદાજે ૫૦૦૦થી વધુ રોજગાર અવસરો ઉભા થશે આ MOU ઉપર જબીલ વતી બી એન શુક્લા, (ઓપરેશન ડાયરેક્ટર) અને ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રોનિક્સ મિશન દ્વારા હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર અને ફ્રેડરિક મેકકોય, એક્ઝિક્યુટિવ વાઈસ પ્રેસિડેન્ટ, ગ્લોબલ વચ્ચે આ MOUનું આદાનપ્રદાન થયું હતું. રાજ્યમાં GSEM નોડલ અમલીકરણ એજન્સી તરીકે ઈલેક્ટ્રોનિક્સ સેગમેન્ટમાં રોકાણની સુવિધા માટે સહયોગ આપે છે. “આ MOU ઉચ્ચ-કુશળ નોકરીની તકો અને વિશ્વકક્ષાના ઉત્પાદનોનું ઉત્પાદન કરીને રાજ્યની ટેકનોલોજી ઈકોસિસ્ટમને મજબૂત કરશે.

# વર્ચ્યુઅલ વેબનો શિકાર : ભારતમાં ‘ડિજિટલ એરેસ્ટ’ કૌભાંડમાં વધારો

## આ માટે “કોઈને જાણ કરશો નહીં. આ રાષ્ટ્રીય મહત્ત્વની બાબત છે અને તમે ‘ડિજિટલ એરેસ્ટ’ હેઠળ છો” એવા સંદેશાઓ આપવામાં આવે છે



મુંબઈ તા.૧૮

તમારા ફોનની રીંગ વાગે છે. સામે એક તીક્ષ્ણ, સત્તાવાર અવાજ સંભળાય છે કેઃ “અમે CBI (સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન) તરફથી કોલ કરી રહ્યા છીએ. તમારૂ નામ મની લોન્ડરિંગ અને માનવ તસ્કરી સંબંધિત તપાસમાં સામે આવ્યું છે અને તમારી એરેસ્ટ કરવામાં આવી રહી છે, અટકાયત ટાળવા માટે, અમે તમારા દસ્તાવેજોની ઓનલાઈન સમીક્ષા કરીએ ત્યારે તમને ‘ડિજિટલ એરેસ્ટ’ હેઠળ મૂકવામાં આવશે. તમારૂ હૃદય અટકી જાય છે અને ગભરાટ શરૂ થાય છે. તમને આગળ શું કરવું તેની કોઈ જાણ નથી. શું તમારે પોલીસનો સંપર્ક કરવો જોઈએ? તમે વિચારી શકો તે પહેલાં જ આ અવાજ કહે છે કે, “કોઈને જાણ કરશો નહીં. આ રાષ્ટ્રીય મહત્વની બાબત છે, તમે ‘ડિજિટલ અરેસ્ટ’ હેઠળ છો. પણ તેનો અર્થ શું છે? તમે શું કરશો?

**ભારતમાં ડિજિટલ એરેસ્ટ**

“ડિજિટલ એરેસ્ટ” શબ્દ એક કૌભાંડનો સંદર્ભ આપે છે જેમાં સાયબર અપરાધીઓ કાયદા અમલીકરણ અધિકારીઓ અથવા રાજ્ય પોલીસ, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED), સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI), અથવા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) જેવી સરકારી એજન્સીઓનો ઢોંગ કરે છે. કેટલાક કિસ્સાઓમાં, છેતરપિંડી કરનારાઓ તેમના દાવાઓને વધુ વિશ્વસનીયતા આપવાનો પ્રયાસ કરીને ન્યાયાધીશ તરીકે પણ દેખાય છે. જાન્યુઆરી ૨૦૨૪થી, ભારતમાં ‘ડિજિટલ એરેસ્ટ’ના ૯૨,૩૩૪થી વધુ કિસ્સા નોંધાયા છે, જે દેશના સાયબર ક્રાઈમ લેન્ડસ્કેપમાં એક નવા પ્રકરણને ચિહ્નિત કરે છે.

**સ્વાતિની વાર્તા**

મને એક ફોન આવ્યો કે હું નરેશ ગોયલ કૌભાંડનો ભાગ છું, તે ટ્રાઈ તરફથી હતો. તેઓએ કહ્યું કે એરટેલ હેઠળનો મારો એક નંબર ધમકીભર્યા સંદેશા મોકલવા માટે બ્લેકલિસ્ટ કરવામાં આવ્યો હતો. તેઓએ કહ્યું કે મારો નંબર પાછો મેળવવા માટે પોલીસ ફરિયાદ આવી છે. મુંબઈની સ્વાતિએ તેને “ડિજિટલ એરેસ્ટ” હેઠળ રાખનારા છેતરપિંડીઓ પાસે ૧૫,૦૦૦ રૂપિયા ગુમાવ્યા. તે હજારો લોકોમાંની એક છે જેઓ છેતરપિંડીના આ સ્વરૂપમાં ફસાઈ ગયા છે. ગૃહ મંત્રાલય (MHA)ના અધિકૃત ડેટા દર્શાવે છે કે અસંદિગ્ધ પીડિતો પાસેથી ૨,૧૪૦ કરોડ રૂપિયાની ચોરી કરવામાં આવી છે. આ દર મહિને સરેરાશ ૨૧૪ કરોડ રૂપિયાનું નુકસાન છે. નાણાકીય નુકસાનના સ્કેલ અને પીડિતોની વધતી સંખ્યાને જોતાં, કોઈને આશ્ચર્ય થઈ શકે છે - શું કોઈને ‘ડિજિટલ એરેસ્ટ’ હેઠળ મૂકવામાં આવે તે કાયદેસર રીતે પણ શક્ય છે? અને તેનો એકમાત્ર જવાબ ના છે. નિષ્ણાતો કહે છે કે ‘ડિજિટલ એરેસ્ટ’ માત્ર ભારતમાં જ નહીં, પરંતુ વિશ્વમાં ક્યાંય પણ અસ્તિત્વમાં નથી. આ કૌભાંડ સામાન્ય રીતે ફોન કોલથી શરૂ થાય છે, જ્યાં પીડિતને જાણ કરવામાં આવે છે કે એરપોર્ટ ઉપર ડ્રગ્સનું કન્સાઈનમેન્ટ પકડાયા બાદ તેઓ તપાસ હેઠળ છે. છેતરપિંડી કરનારાઓ મોટાભાગે તેમના દાવાઓને કાયદેસર દેખાડવા માટે નકલી પોલીસ સ્ટેશનો સ્થાપે છે અને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરે છે.

**વડાપ્રધાનની સલાહ**

કૌભાંડો એટલા ગંભીર બની ગયા છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ‘મન કી બાત’ પ્રસારણમાં, ‘ડિજિટલ એરેસ્ટ’ના સાયબર ક્રાઈમ વિશે વાત કરી હતી. તેમણે કહ્યું કે, ડિજિટલ અરેસ્ટ ફ્રોડથી સાવધ રહો. આવી તપાસ માટે કોઈપણ તપાસ એજન્સી ક્યારેય ફોન કે વીડિયો કોલ દ્વારા તમારો સંપર્ક કરશે નહીં. MHA અને CERT-IN, માહિતી અને પ્રૌદ્યોગિકી મંત્રાલય હેઠળની સાયબર સિક્યુરિટી એજન્સીએ લોકો માટે શ્રેણીબદ્ધ સલાહ-સૂચનો જારી કર્યા છે, જેમાં તેમને કોઈપણ શંકાસ્પદ કૌભાંડની જાણ ઈમરજન્સી હેલ્પલાઈન, ૧૯૩૦ દ્વારા સીધા I4Cને કરવા વિનંતી કરી છે.

**મોડસ ઓપરેન્ડી**

સાયબર ગુનેગારો સામાન્ય રીતે ફોન અથવા ઈમેલ દ્વારા કાયદા અમલીકરણ અધિકારીઓ તરીકે તેમના ટાર્ગેટનો સંપર્ક કરે છે. ભય અને ધાકધમકીનો ઉપયોગ પીડિતોને પૈસા ટ્રાન્સફર કરવા માટે વિસ્તૃત દૃશ્યો બનાવીને કરે છે જે સૂચવે છે કે પીડિત ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સામેલ છે. કૌભાંડની શરૂઆત ઘણીવાર બે ફોન કોલ્સથી થાય છે, ત્યારબાદ વીડિયો કોલ આવે છે, જ્યાં કૌભાંડ કરનાર પોલીસ અધિકારી, ન્યાયાધીશ અથવા અન્ય અધિકારી તરીકે દેખાય છે. તેઓ તેમની વાર્તાઓને વધુ વિશ્વાસપાત્ર બનાવવા માટે વાસ્તવિક પોલીસ અધિકારીઓ, વકીલો અને ન્યાયાધીશોની સોશિયલ મીડિયા પ્રોફાઈલમાંથી લીધેલી તસવીરોનો પણ ઉપયોગ કરી શકે છે. ત્યારબાદ પીડિતોને નકલી એરેસ્ટ વોરંટ, કાનૂની નોટિસ અથવા ઈમેલ અથવા મેસેજિંગ એપ દ્વારા મોકલવામાં આવેલા સત્તાવાર દેખાતા દસ્તાવેજો બતાવવામાં આવે છે. આ કૌભાંડોમાં ટાંકવામાં આવેલા સૌથી સામાન્ય આરોપોમાં મની લોન્ડરિંગ, ડ્રગ હેરફેર અને સાયબર ક્રાઈમનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, સ્કેમર દાવો કરી શકે છે કે આ “મની લોન્ડરિંગ કેસ” છે. કેટલાક કિસ્સાઓમાં, ગુનેગારો આરોપોને વધુ વિશ્વસનીય લાગે તે માટે પુરાવાઓ બતાવતા હોય છે. દેશમાં આવી જ એક ઘટનામાં, હૈદરાબાદમાં ૪૪ વર્ષીય ટેકીને સાયબર ગુનેગારો દ્વારા લગભગ ૩૦ કલાક સુધી નકલી મની લોન્ડરિંગ કેસમાં ‘ડિજિટલ એરેસ્ટ’ હેઠળ રાખવામાં આવી હતી. સ્કેમર્સ પીડિતોને ભાવનાત્મક રીતે ચાલાકી કરવાનો પ્રયાસ પણ કરી શકે છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય (MHA) I4Cની સાયબર વિંગનો એક અહેવાલ જણાવે છે કે કંબોડિયા, મ્યાનમાર, વિયેતનામ, લાઓસ અને થાઈલેન્ડ જેવા દેશોમાં સ્થિત ઘણા કોલ સેન્ટરો ‘ડિજિટલ એરેસ્ટ કૌભાંડો’ સાથે જોડાયેલા છે. આ કોલ સેન્ટરો મોટાભાગે કંબોડિયામાં ચાઈનીઝ માલિકીના કેસિનોમાં સ્થિત હોય છે, જ્યાં સાયબર મુદ્દાઓ નોંધપાત્ર ચિંતાનો વિષય છે. અહેવાલ દર્શાવે છે કે લગભગ ૩૦થી ૪૦ ટકા છેતરપિંડી પ્રવૃત્તિઓ ભારતમાં જોવા મળે છે, જ્યાં સ્થાનિક કોલ સેન્ટરો પણ કૌભાંડોને આચરવામાં સક્રિયપણે સામેલ છે. આ કૌભાંડોમાં લોકો એટલે ફસાય જાય છે કારણ કે ઘણાને કાયદા અમલીકરણ એજન્સીઓ, ખાસ કરીને CBI, ED અથવા NCB જેવી કેન્દ્રીય એજન્સીઓ પ્રત્યેનો સ્વાભાવિક ડર છે. તે માત્ર સાયબર ક્રાઈમનો મુદ્દો નથી; તે એક વ્યાપક સમસ્યા છે. સ્વાતિએ કહ્યું કે, હું પોલીસમાં ફરિયાદ કરવા ગઈ હતી, અને તેઓએ તેને ફગાવી દીધી હતી, અને કહ્યું હતું કે ૧૫,૦૦૦ આટલી નાની રકમ છે. તેઓએ કોઈ પગલાં લીધાં નથી. સાયબર અપરાધીઓ કાયદા અમલીકરણ અધિકારીઓનો ઢોંગ કરીને આ ભયનો ઉપયોગ કરે છે. આ ડર ત્યારે વધી જાય છે જ્યારે પીડિતો ED અથવા NCB જેવી શક્તિશાળી કેન્દ્રીય એજન્સીઓના નામ સાંભળે છે. નિષ્ણાતો એમ પણ કહે છે કે આ કૌભાંડો સતત વિકસી રહ્યા છે. દાખલા તરીકે, આવકવેરાના મોટા દરોડા હેડલાઈન્સ બનાવે છે, તો સ્કેમર્સ આવકવેરા અધિકારીઓ તરીકે દેખાઈ શકે છે, અને નકલી અને વાસ્તવિકને અલગ પાડવાનું મુશ્કેલ બને છે.

**તેમના લક્ષ્યાંક કોણ હોય છે ?**

આ કૌભાંડોના પ્રાથમિક લક્ષ્યાંકો મોટાભાગે વૃદ્ધ વ્યક્તિઓ હોય છે, ખાસ કરીને સારી બેંક બેલેન્સ ધરાવતા નિવૃત્ત લોકો, જેમ કે ઉદ્યોગપતિઓ, વરિષ્ઠ અમલદારો અને અન્ય અગ્રણી વ્યક્તિઓ કે જેમને કેન્દ્રીય કાયદા અમલીકરણ એજન્સીઓનો ડર પણ હોય છે. આ કૌભાંડો વૃદ્ધ પેઢી અને મધ્યમ વર્ગના લોકોને સૌથી વધુ અસર કરે છે. તે એવા લોકો ઉપર પણ અસર કરી શકે છે.

**તો, આ કૌભાંડોને રોકવા માટે શું કરી શકાય?**

નિષ્ણાતો કહે છે કે લોકોને આ કૌભાંડોનો ભોગ બનવાથી બચાવવાનો સૌથી અસરકારક માર્ગ વ્યાપક-આધારિત શિક્ષણ અને જાગૃતિ છે. શિક્ષણ એ પાયો છે, આ કૌભાંડીઓ આધુનિક જીવનનો કમનસીબ ભાગ છે, અને તે દરરોજ દરેક જગ્યાએ થાય છે. નિવારણની ચાવી એ સુનિશ્ચિત કરવાનું છે કે લોકો સમજે છે કે આ યોજનાઓ કેવી રીતે કાર્ય કરે છે અને તેમને કેવી રીતે શોધી શકાય છે. આ પ્રયાસમાં કાયદા અમલીકરણ એજન્સીઓની મુખ્ય ભૂમિકા છે. જ્યારે કોઈ વ્યક્તિ કૌભાંડની જાણ કરવા પોલીસ પાસે જાય છે, ત્યારે પોલીસે તેમને આશ્વાસન આપવું જોઈએઃ કાયદાના અમલીકરણ દ્વારા આ પ્રકારની છેતરપિંડી વિશે લોકોને સક્રિયપણે શિક્ષિત કરવું મહત્વપૂર્ણ છે. જો કોઈને લાગે કે તેઓ આવા કૌભાંડોનો શિકાર બન્યા છે, તો તેઓ રાષ્ટ્રીય સાયબર હેલ્પલાઈનને ૧૯૩૦ ડાયલ કરી શકે છે અથવા તેના પોર્ટલની મુલાકાત લઈ શકે છે. તેઓ આવા ગુના અંગે પોલીસને પણ જાણ કરી શકે છે. દેશમાં થઈ રહેલા વિવિધ સાયબર ક્રાઈમ વિશે માહિતગાર રહેવા માટે લોકો સોશિયલ મીડિયા પર “સાયબરડોસ્ટ” ચેનલ્સ/ એકાઉન્ટ્સને પણ ફોલો કરી શકે છે. લોકોએ સમજવું જોઈએ કે ‘ડિજિટલ એરેસ્ટ’ એક કૌભાંડ છે, અને જો તેઓ ખરેખર તપાસ હેઠળ છે, તો તપાસ અધિકારીઓ યોગ્ય કાનૂની પ્રક્રિયાઓનું પાલન કરશે અને ડરાવવાના ફોન કોલ્સ અથવા ઓનલાઈન ધમકીઓ નહીં આપે.

# આનંદાશ્રમ બિલખા ખાતે સંસ્કૃત અધ્યયન કરનાર છાત્રો અને ટ્રસ્ટીગણ દ્વારા ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો

જૂનાગઢ, તા.૧૮

જૂનાગઢ જિલ્લાનાં બિલખા તાબાનાં નવાગામ ખાતે આશરે દોઢસો વર્ષથી વૈદિક પરંપરા અનુસાર સંસ્કૃત પાઠશાળા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓને સંસ્કૃતના પાઠ ભણાવે છે. જેમાં વેદ,ઉપનિષદ, પુરાણ સહિત ભૂગોળ અને જીવનલક્ષી સિદ્ધાંતોનો બાળ પંડિતોને અભ્યાસ કરાવવામાં આવે છે.ત્યારે કાર્તિકી પૂર્ણમાં નિમિત્તે આનંદાશ્રમનાં અભ્યાસરત છાત્રો અને આશ્રમમાં અભ્યાસ બાદ દેશ અને પરદેશમાં સેટ થયેલ પુર્વ છાત્રો અને ટ્રસ્ટીગણ દ્વારાપ્રતિવર્ષની માફક ગુરૂવંદના કાર્યક્રમ યોજાયો હતો.



આ કાર્યક્રમ દરમ્યાન મળેલ ટ્રસ્ટીગણની બેઠકમાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતન ત્રિવેદી ઉપસ્થિત રહી સંસ્કૃત અભ્યાસ ક્ષેત્રે આનંદાશ્રમ પાઠશાળામાં યુનિ. દ્વારા કઈ રીતે સહયોગ આપી શકાય તે માટે ચર્ચા સમિક્ષા કરવામાં આવી હતી. આનંદાશ્રમનાં ટ્રસ્ટી કશ્યપભાઈ ત્રિવેદીએ જણાવ્યુ હતુ કે ગોખણપટ્ટી કે લખાણ કરતા સામાજિક પણે એક સાથે હજારો મંત્ર યાદ રાખવાની ટેકનીક સમજાવી વિવિધ યજ્ઞો પણ કરાવાય છે. ભારતીય સંસ્કૃતિ ટકાવવાનું પાયારૂપ કામ આનંદાશ્રમ જેવા પ્રકલ્પો કરી રહ્યા છે. સવારે પ્રથમ પ્રહરથી રાત્રિના પ્રથમ પ્રહોર સુધી યથાવત રૂપે યજ્ઞ સંસ્કાર સહિત વિવિધ પાયા રૂપ અભ્યાસ કરાવે છે.પાઠશાળાના આચાર્ય અને વિધાર્થીના જણાવ્યા અનુસાર સનાતન ધર્મનો વિકાસ કરવો હોય તો સંસ્કૃતિનું રક્ષણ કરવું પડશે. સંસ્કૃતિના રક્ષણ માટે પાઠશાળા કાર્યરત છે. આ પાઠશાળા વર્ષોથી ચાલતી આવી રહી છે. વિદ્યાર્થીઓ ખૂબ જ સુંદર અભ્યાસ કરી રહ્યા છે. ધર્મશાસ્ત્રનું જ્ઞાન લઈ રહ્યા છે.સાથોસાથ તેના જીવન કર્મકાંડ ક્ષેત્રે અભ્યાસ કરતાં છાત્રો માટે સંપૂર્ણ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જોકે ભારતીય સંસ્કૃતિને ટકાવવા માટે તેમજ તેના વિકાસ અને સંવર્ધન માટે રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સંસ્કૃત પાઠશાળાઓને અપગ્રેડ કરવી જોઈએ.

વિવિધ વિષયો સાથે સંસ્કૃત ભાષાથી પ્રોત્સાહિત થાય અને સરકાર પણ સંસ્કૃત ભાષા માટે પ્રોત્સાહિત કરવા તત્પર હોય ત્યારે આનંદાશ્રમનાં અભ્યાસક્રમોનું માળખુ ગોઠવાય તે દિશામાં ભક્તકવિ નરસિંહ મહેતા યુનિ.નાં કુલપતિ પ્રો.(ડો.) ચેતનભાઈ ત્રિવેદીએ આનંદાશ્રમની વ્યવસ્થાઓ, અભ્યાસકીય પ્રવૃતિઓ, યુનિ. દ્વારા સ્કીલબેઈઝ્ડ સર્ટીફિકેટ કે ડિપ્લોમાં અભ્યાસ માળખુ બની શકે કે કેમ તે દિશામાં ટ્રસ્ટીગણ સાથે મુલાકાત કરી હતી..

ટ્રસ્ટીગણે જણાવ્યુ હતુ કે હાલમાં આનંદાશ્રમ પાઠશાળા વિદ્યાર્થીઓના અભ્યાસ પેટે તેમજ તેના રહેવાના અને ભોજન ખર્ચ પેટે આગવી વ્યવસ્થા કરી છે. પાઠશાળા ટ્રસ્ટીના જણાવ્યા અનુસાર વેદ સંસ્કૃત પાઠશાળા જે વેદ શુક્લ યજુર્વેદ સંસ્કૃતિ ના અધ્યયન દ્વારા ચાલતી પાઠશાળા જે શુદ્ધ વેદ પરંપરા પ્રમાણે બ્રાહ્મણ દ્વારા જાળવી રાખી છે. અમે સરકાર પાસે અપેક્ષા અને સહકાર રાખી રહ્યા છીએ કે, આ શુદ્ધ પરંપરા જળવાઈ રહે. તેનો સહયોગ જોઈએ છે. તેના અંતર્ગત વેદ સંસ્કૃત જ્ઞાન ગૌરવ નો વિદ્યાવાન બૌધ્ધિક લોકોના સહયોગ દ્વારા સંસ્કૃત ભાષા અને વૈદિક સંસ્કૃતિ પૂરા વિશ્વ ફલક પર જાય તેવી ઈચ્છા પ્રગટ કરી રહ્યા છે.ગુરૂવંદના પ્રસંગે જીતુભાઈ ભીંડી, આનંદાશ્રમ સાથે સંકળાયેલ પ્રબુધ્ધ લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# સંગીત અને પ્રકાશ દ્વારા ઐતિહાસિક સ્મારકોને ફરીથી રજૂ કરી ક્રાફ્ટ ઓફ આર્ટના ૧૫ વર્ષના સફરની થશે ઉજવણી

## આ વોટર ફેસ્ટીવલ અડાલજની વાવ ખાતે રવિવાર તા.૨૪ નવેમ્બરના રોજ યોજાનાર છે

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૧૮

આ વર્ષે ક્રાફટ ઓફ આર્ટ તેમની અનન્ય પહેલ દ્વારા ભારતના વારસાને પુનર્જીવિત કરવાના ૧૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. ઐતિહાસિક અડાલજની વાવ ખાતે વોટર ફેસ્ટીવલ આ વારસાનો પુરાવો છે.

આ ફેસ્ટીવલની થીમ ડ્રમ્સ ઓફ ઈન્ડીયા છે. સેલિબ્રેટીંગ મુવમેન્ટ વિથ મ્યુઝિક સંગીતમય વાતાવરણ સાથે આર્કિટેકચરલ અજાયબીના અનોખા વાતાવરણનો સુમેળ ક્રાફટ ઓફ આર્ટની પ્રતિબધ્ધતાનો ફરી દર્શાવે છે.

ભરતનાટયમ અને લોક નૃત્યાંગના બિરવા કુરેશી દ્વારા સ્થપાયેલ ક્રાફટ ઓફ આર્ટ છેલ્લા ૧૫ વર્ષથી ભારતના ઐતિહાસિક સ્મારકોને મોર્ડન ઓડિયન્સ ખાસ કરીને યુવા પેઢીને જોડવાનું કામ કરે છે. મ્યુઝિક, લાઈટીંગ અને એમ્બિયન્સના અનોખા સમનવય દ્વારા ક્રાફટ ઓફ આર્ટ ઐતિહાસિક સ્મારકોમાં નવો શ્વાસ પુરે છે, જે મુલાકાલીઓને તેના ભવ્ય ભુતકાળની યાદ અપાવે છે જે સ્મારકોની પ્રાચીન ભવ્યતામાં અનુભવી શકાય છે. આ ઉત્સવ ભારતની કલા, સ્થાપત્ય અને લોકકથાના સમૃદ્ધ વારસાના સારને ઉજાગર કરવા માટે કરવામાં આવે છે.

ક્રાફટ ઓફ આર્ટના સ્થાપક અને આર્ટીસ્ટિક ડાયરેકટર બિરવા કુરેશીએ જણાવ્યું હતું કે, મ્યુઝિક, હેરીટેજ અને હિસ્ટ્રીની ઉજવણી માટે અડાલજની વાવ ખાતે અમે ફરી વોટર ફેસ્ટિવલ લઈને આવ્યા છીએ. ક્રાફટ ઓફ આર્ટ છેલ્લા ૧૫ વર્ષથી મ્યુઝિક ફેસ્ટીવલ દ્વારા ઐતિહાસિક સ્મારકોને જીવંત કરવા સમર્પિત છે. પ્રેક્ષકોને જાણીતા કલાકારોના પરફોર્મન્સ વચ્ચે સ્મારકની સુંદરતા અને સંસ્કૃતિનો અનુભવ કરવા મળશે. હંમેશાની જેમ આ સાંજમાં પણ પર્ફોમીંગ કલાકારો અને સ્મારકોની ભવ્યતા સાથે પ્રેક્ષકોનો લયબદ્ધ સુમેળ જોવા મળશે.

અડાલજની વાવ ખાતે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કલાકારોના સ્ટાર સ્ટડેડ લાઈનઅપ અને મનમોહક પ્રદર્શન સાથે વોટર ફેસ્ટીવલ પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરવા માટે તૈયાર છે. તબલા ઉત્સાદ ફઝલ કુરેશી ભારતીય શાસ્ત્રીય સંગીતની દુનિયામાં તેમના પરીવારના વારસાને આગળ વધારતા તેમની ટેબલ નિપુણતા સાથે સંગીત સમુહનું નેતૃત્વ કરશે. લાઈટીંગ દ્વારા ક્રાફટ ઓફ આર્ટ વાવના સુંદર સ્થાપત્યને પ્રકાશીત કરશે અને તેની ભવ્યતામાં વધારો કરશે.

વોટર ફેસ્ટીવલમાં પ્રવેશ માટે 'ફસ્ટ-કમ, ફસ્ટ સર્વડ બેઈઝ' છે. સંગીત પ્રેમીઓ **bookmyshow.com** ઉપર વોટર ફેસ્ટિવલનું ફ્રિ રજીસ્ટ્રેશન કરાવી શકે છે.

## આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન

# સફેદ રણ, ધોરડો રણ અને રોડ ટુ હેવન વિસ્તાર 'પ્લાસ્ટિક ફ્રી ઝોન' જાહેર

## પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમિયાન પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ જેવો કચરો ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ

ભુજ, તા. ૧૮

કચ્છમાં ભૌગોલિક વૈવિધ્યનો ઉત્તમ ખજાનો જોવા મળે છે જેના લીધે કચ્છ જિલ્લો પ્રવાસનની દ્રષ્ટીએ ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. રાજ્ય સરકારના સહયોગથી ગુજરાત પ્રવાસન નિગમ લી. દ્વારા દર વર્ષે ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવે છે. જેનો લાભ લેવા માટે દેશ-વિદેશથી પ્રવાસીઓ આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ધોરડો ખાતે રણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ધોરડો ખાતે રણ ઉત્સવની મુલાકાત લેતા પ્રવાસીઓ ખડીર વિસ્તારમાં આવેલા સફેદ રણમાંથી પસાર થતો રસ્તો કે જે ''રોડ ટુ હેવન'' (**NH-754k** નો ભાગ) ના નામે પણ ઓળખાય છે તેની પણ મુલાકાત લે છે. સફેદ રણ વિસ્તાર, રોડ ટુ હેવનનો વિસ્તાર તેમજ ધોરડો રણ ઉત્સવનો વિસ્તાર પર્યાવરણીય દ્રષ્ટીએ સંવેદનશીલ છે.



પ્રવાસીઓ દ્વારા પ્રવાસ દરમિયાન પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જેવો કચરો સફેદ રણ વિસ્તારમાં, રોડ ટુ હેવન વિસ્તારમાં અને તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં ફેંકવામાં ન આવે તે માટે પ્રતિબંધ મુકવો જરૂરી જણાય છે અને આ સ્થળોના સૌંદર્ય, સ્વચ્છતા અને પર્યાવરણીય પરિસ્થિતિ જાળવવા માટે તેને **"Plastic Free Zone"** જાહેર કરવા જરૂરી જણાય છે. કચ્છના જિલ્લા મેજિસ્ટ્રેટ અમિત અરોરાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ મુજબ જાહેરનામું બહાર પાડીને કચ્છ જિલ્લાની હદમાં આવેલા ધોરડો રણ ઉત્સવ વિસ્તારના સબરસ બસ સ્ટેન્ડથી વોચ ટાવર સુધીના રસ્તા અને તેની બંને તરફનો ૨(બે)-૨(બે) કિ.મી.નો વિસ્તાર, વોચ ટાવરની આસપાસનો સફેદ રણ વિસ્તાર અને ''રોડ ટુ હેવન'' (**NH-754k**નો કાઢવાંઢ તા.ભુજથી ધોળાવીરા ગામ એન્ટ્રી પોઈન્ટ સુધીનો રસ્તો અને તેની બંને બાજુના રણ વિસ્તારમાં તથા તેને સંલગ્ન રણમાં ભરાયેલ પાણીમાં) વિસ્તારમાં પ્લાસ્ટીકની બોટલ્સ, કોથળીઓ અને અન્ય પ્લાસ્ટીકની સિંગલ યુઝ ચીજવસ્તુઓ જાહેરમાં નાખવા ઉપર સંપૂર્ણ પ્રતિબંધ મુક્યો છે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાત્મક કાર્યવાહીને પાત્ર ઠરશે. આ હુકમનો અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા માટે હેડ કોન્સ્ટેબલથી નીચેના દરજ્જાના ન હોય તેવા પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે. આ જાહેરનામું તા.૧૫/૧૧/૨૪થી તા.૧૩/૦૧/૨૫ સુધી અમલમાં રહેશે.

## ISRO અને ઈલોનની કંપની વચ્ચે ડિલ

# ભારતનું સૌથી એડવાન્સ સેટેલાઈટ Space X લોન્ચ કરશે

## GSAT-N2 અમેરિકાના કેપ કેનાવેરલથી લોન્ચ કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૮

ભારતીય અવકાશ એજન્સી **ISRO**એ દિગ્ગજ ઉદ્યોગપતિ ઈલોન મસ્કની કંપની **Space X** સાથે હાથ મિલાવ્યો છે. અમેરિકાના નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નજીકના મિત્ર મસ્કની કંપની **Space X** આગામી સપ્તાહની શરુઆતમાં ફાલ્કન ૯ રૉકેટથી ભારતના સૌથી આધુનિક સંચાર ઉપગ્રહ **GSAT-20 (GSAT N-2)**ને અંતરિક્ષમાં લઈ જવાનું કામ કરશે.

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન **(ISRO)** અને **Space X** વચ્ચે અનેક ડિલ થઈ છે. **GSAT-N2** અમેરિકાના કેપ કેનાવેરલથી લોન્ચ કરવામાં આવશે. આ ૪૭૦૦ કિલોગ્રામનો ઉપગ્રહ ભારતીય રૉકેટ માટે ખૂબ જ ભારે હતો, તેથી તેને ફોરેન કોમર્શિયલ લોન્ચ માટે મોકલવામાં આવ્યો હતો. ભારતનું પોતાનું રૉકેટ 'ધ બાહુબલી' અથવા લોન્ચ વ્હીકલ માર્ક-૩ મહત્તમ ૪૦૦૦થી ૪૧૦૦ કિલો વજનને અંતરિક્ષ કક્ષામાં લઈ જઈ શકતું હતું.

ભારત અત્યાર સુધી પોતાના ભારે ઉપગ્રહોને લોન્ચ કરવા માટે એરિયનસ્પેસ પર નિર્ભર હતું, પરંતુ વર્તમાનમાં તેની પાસે કોઈ પણ ઑપરેશનલ રૉકેટ નથી અને ભારત પાસે **Space X** સાથે જવાનો એકમાત્ર ભરોસાપાત્ર વિકલ્પ હતો. ચીનના રૉકેટ ભારત માટે અયોગ્ય છે અને યુક્રેનમાં સંઘર્ષને કારણે રશિયા તેના રૉકેટ કોમર્શિયલ લોન્ચિંગ માટે ઓફર કરવા માટે સક્ષમ નથી.

**ISRO**એ ૪૭૦૦ કિગ્રા વજન ધરાવતું **GSAT-N2**નું નિર્માણ કર્યું છે, અને તેની મિશન લાઈફ ૧૪ વર્ષ છે. આ એક સંપૂર્ણ કોમર્શિયલ લોન્ચ છે, જેનું સંચાલન **NSIL** દ્વારા કરવામાં આવી રહ્યું છે. ઉપગ્રહ ૩૨ યુઝર બીમથી સજ્જ છે, જેમાં ઉત્તર પૂર્વીય ક્ષેત્ર પર આઠ સંકીર્ણ સ્પોટ બીમ અને બાકીના ભારતમાં ૨૪ વિસ્તૃત સ્પોટ બીમ સામેલ છે. આ ૩૨ બીમને ભારતની મુખ્ય ભૂમિમાં સ્થિત હબ સ્ટેશનો દ્વારા સપોર્ટ કરવામાં આવશે. તે ઈન-ફ્લાઈટ ઈન્ટરનેટ કનેક્ટિવિટી સક્ષમ કરવામાં પણ મદદ કરશે.

એવો અંદાજ છે કે ૨ઝ ભારતના સંચાર ઉપગ્રહને લઈ જવા માટે ફાલ્કન ૯ રૉકેટના આ એક જ સમર્પિત કોમર્શિયલ લોન્ચનો ખર્ચ ૬૦-૭૦ મિલિયન ડોલર (લગભગ ૫૯૧ કરોડ ૩૪ લાખ) થશે. એ વાત જાણીતી છે કે ડોનાલ્ડ ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે ખૂબ જ સારા સંબંધો છે અને બંને એકબીજાને મિત્ર કહે છે. બિઝનેસમેન ઈલોન મસ્ક પણ બંનેના મિત્ર છે. ઈલોન મસ્ક ઘણી વખત કહી ચૂક્યા છે કે હું 'મોદીનો પ્રશંસક' છું. હવે જોવાનું એ રહેશે કે શું મસ્ક ભવિષ્યમાં પણ ભારત સાથે બીજી મોટી ડિલ કરશે.

# ગાંધીનગરમાં જીલ્લા પંચાયત પ્રમુખોની બેઠકમાં પ્રમુખોએ કરી ગ્રાન્ટ ફાળવવાની માંગ

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે રાજ્યના તમામ જિલ્લા પંચાયત પ્રમુખોની બેઠક યોજાઈ હતી. જેમાં એક ગ્રામસભામાંથી બીજી ગ્રામસભામાં સૂચવવામાં આવેલા વિકાસના કામો વહીવટી અવરોધના કારણે સમય મર્યાદામાં પૂર્ણ થતા નથી તેવું જણાવાયું હતું. ગાંધીનગરમાં મુખ્યમંત્રી સાથે રાજ્યના તમામ જિલ્લા પંચાયત પ્રમુખોની બેઠક યોજાઈ હતી. જેમાં એક ગ્રામસભામાંથી બીજી ગ્રામસભામાં સૂચવવામાં આવેલા વિકાસના કામો વહીવટી અવરોધના કારણે સમય મર્યાદામાં પૂર્ણ થતા નથી તેવું જણાવાયું હતું. જેથી બીજી ગ્રામસભામાં ફરી પ્રશ્ન ઉભો થયો છે. આવા પ્રશ્નો ઉભા થતા અટકાવવા જિલ્લા પંચાયત પ્રમુખો જેવા કે સાંસદો અને ધારાસભ્યોને વિવેકાધીન ગ્રાન્ટ ફાળવવામાં આવે જેથી ગ્રામસભાઓને મજબૂત કરી શકાય અને વિવિધ વિકાસના કામો તાત્કાલિક પૂર્ણ થાય. મુખ્યમંત્રીએ હકારાત્મક પ્રતિભાવ આપી આગામી બજેટમાં જોગવાઈ કરવાની ખાતરી આપી હોવાનું જિલ્લા પંચાયત પરિષદે જણાવ્યું છે. ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના મંત્રી ભરત ગાજીપરાએ જણાવ્યું હતું કે, બેઠકમાં રાજ્યભરના જિલ્લા પંચાયત પ્રમુખો વતી ચેરમેન પરેશ દેસાઈએ એવી હકીકત રજૂ કરી હતી કે, વિકાસ અને વહીવટને લગતી કોઈ ફાઈલો જિલ્લા પંચાયત પ્રમુખો પાસે આવતી નથી. જિલ્લા પંચાયતમાં વિકાસ અને વહીવટ અંગે શું ચાલી રહ્યું છે તે અંગે ચેરમેનને જાણ હોવી જરૂરી હોવાથી ફાઈલો ચેરમેનના ટેબલ પરથી જ જાય તે જરૂરી છે. પ્રમુખની રજૂઆતને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રીએ પણ અધિકારીઓને આ દિશામાં કામ કરવા નિર્દેશ આપ્યો હતો. આ ઉપરાંત ગ્રામ પંચાયતોમાં સોલાર રૂફટોપ આપવા, જિલ્લા પંચાયત પ્રાથમિક સમિતિને બદલે પ્રાથમિક શાળાઓમાં સિંગલ-ફેઝ વીજળીના બદલે થ્રી-ફેઝ કનેકશન મેળવવાનો ખર્ચ રાજ્ય સરકારે ઉઠાવવો જોઈએ તેવી પણ રજૂઆત બેઠકમાં કરવામાં આવી હતી. જિલ્લા પંચાયત પ્રમુખ જિલ્લાના સમગ્ર વહીવટથી વાકેફ હોય તે સુનિશ્ચિત કરવા માટે ગુજરાત પ્રદેશ પંચાયતે સૂચન કર્યું હતું કે દર મહિને કેબિનેટની બેઠક અથવા સંકલન સમિતિ જેવી બેઠક યોજવી જોઈએ જેમાં તમામ સમિતિઓના પ્રમુખો, અધિકારીઓ અને અધિકારીઓ સામેલ છે. જિલ્લા પંચાયત પ્રમુખની અધ્યક્ષતામાં પંચાયત. જેના કારણે ગ્રામીણ ગુજરાતમાં વિકાસ કાર્યોને વેગ મળશે, કામની ગુણવત્તા, આરોગ્ય સુવિધાઓ, પ્રાથમિક શિક્ષણ જેવી પ્રાથમિક સુવિધાઓની સેવાઓમાં સુધારો થશે. આ સૂચન સ્વીકારવામાં આવ્યું હતું, ત્યારબાદ પંચાયત પરિષદે જાહેરાત કરી છે કે પંચાયત મંત્રી રાજ્યની તમામ જિલ્લા પંચાયતોની મુલાકાત લેશે અને આવી બેઠકો યોજશે.




# પેટ્રોલ-ડીઝલ જ નહીં, હવે આ ઈંધણથી ચાલતી કાર રસ્તા પર દોડશે, કિંમત ૨૫ રૂપિયે લિટર : ગડકરી

નવી દિલ્હી, તા. ૧૮

નવી સરકારની રચના બાદ પ્રજાને અપેક્ષા હતી કે, કેન્દ્રીય બજેટમાં પેટ્રોલ-ડિઝલને જીએસટી હેઠળ આવરી લેવામાં આવે, જેથી તેના ભાવમાં ઘટાડો થાય. પરંતુ અપેક્ષા પર પાણી ફરી વળ્યું હતું. જો કે, પ્રજાને પરોક્ષ રીતે લાભ થાય તે હેતુ સાથે કેન્દ્ર સરકાર અન્ય માર્ગ શોધી રહી છે. હાલમાં જ પરિવહન મંત્રીએ મીડિયા સમક્ષ નિવેદન આપ્યું હતુ કે, ફ્યુલ ફ્લેક્સની સાથે ઈથેનોલથી ચાલતી કાર માર્કેટમાં આવી રહી ઈથેનોલથી ચાલતી કારના વપરાશથી પેટ્રોલ-ડિઝલના ખર્ચમાં ઘટાડો થશે.

પરિવહન મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, માર્કેટમાં ટોયોટાએ ઈથેનોલ સંચાલિત કાર લોન્ચ કરી છે, જેને ચલાવવાનો પ્રતિ લિટર ખર્ચ રૂ. ૨૫ આવે છે. અન્ય કાર કંપનીઓ પણ માર્કેટમાં ઈથેનોલથી ચાલતી કાર લોન્ચ કરવા જઈ રહી છે. જેથી મોંઘા પેટ્રોલ-ડિઝલની ખરીદીમાંથી મુક્તિ મળશે. ફ્લેક્સ ફ્યુલ એવુ ઈંધણ છે, જેના મારફત કાર ચલાવી શકાય છે. પેટ્રોલમાં શેરડીના કૂચામાંથી પ્રાપ્ત થતો ઈથેનોલ ભેળવીને આ ઈંધણ તૈયાર કરવામાં આવે છે. નિષ્ણાત અનુસાર, ગેસોલીન અને મેથનોલ તથા ઈથેનોલના સંયોજનથી તૈયાર ફ્લેક્સ ફ્યુલ પેટ્રોલ-ડિઝલનું વૈકલ્પિક ઈંધણ છે. જેનાથી માર્કેટમાં કારની કિંમતમાં ઘટાડો થઈ શકે છે. ફ્લેક્સ એન્જિનમાં ૧ લિટર ફ્યુલ ખરીદવાનો ખર્ચ રૂ. ૨૫ આસપાસ છે.



# પાકિસ્તાનના બે મોટા શહેરોમાં 'સંપૂર્ણ લોકડાઉન', વાયુ પ્રદૂષણ બન્યો જીવલેણ, AQI ૨૦૦૦ પાર

નવી દિલ્હી, તા. ૧૮

ભારતની સાથે પાકિસ્તાનની હવા પણ ઝેરી બની ગઈ છે. તેને જોતા લાહોર અને મુલતાનમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવાની જાહેરાત કરી છે. આ શુક્રવારથી રવિવાર સુધી લાગુ રહેશે. આ બંને શહેરોમાં વાયુ પ્રદૂષણના સ્તરમાં વધુ પડતા વધારાને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક અઠવાડિયાથી પાકિસ્તાનના પંજાબ પ્રાંતના અનેક શહેરોમાં ગાઢ ધુમ્મસ છવાયું છે. લાહોર અને મુલતાન સૌથી વધુ પ્રભાવિત થયા છે. મુલતાનમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ **(AQI)** પહેલાથી જ ૨,૦૦૦ને વટાવી ચૂક્યો છે, જે વાયુ પ્રદૂષણ માટે નવો રેકોર્ડ બનાવે છે. પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મંત્રી મરિયમ ઔરંગઝેબે શુક્રવારે એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, 'અમે લાહોર અને મુલતાનમાં સ્વાસ્થ્ય કટોકટી જાહેર કરી રહ્યા છીએ.' તેમણે માહિતી આપી હતી કે શુક્રવારથી રવિવાર સુધી આ બંને શહેરોમાં સંપૂર્ણ લોકડાઉન લાગુ કરવામાં આવશે. લાહોર અને મુલતાનમાં બાંધકામનું કામ આગામી ૧૦ દિવસ માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે. બાંધકામ સામગ્રીથી ભરેલા વાહનોને શહેરોમાં પ્રવેશતા અટકાવવામાં આવશે. આ ઉપરાંત શાળાઓ પણ બંધ છે.

૧ ૨ વર્ષ પછી આગામીતા. ૨ ૩ નવેમ્બરથી ૧ ડિસેમ્બર, રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે વૃધ્ધ માવતરો-વૃક્ષોના શુભાર્થે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામપર ગામ ખાતે

# રૂ. ૩૦૦ કરોડનાં ખર્ચે, સદભાવના વૃધ્ધાશ્રમના નવનિર્માણર્થે પ.પૂ. મોરારીબાપુની ૯૪૭મી વૈશ્વિક લૌકિક રામકથામાં રાજકોટ બનશે અલૌકિક રામકોટ




**વૈશ્વિક રામકથામાં રોજ ૧ લાખ લોકો કરશે કથા શ્રવણ, રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે ૫૦,૦૦૦ લોકોની ભોજન પ્રસાદની, રાજકોટનાં વિવિધ વિસ્તારમાંથી આવનાર શ્રાવકો માટે વિશેષ બસની વ્યવસ્થા**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૮

રાજકોટમાં ૧ ૨ વર્ષ પછી પ્રખર રામાયણી પ.પૂ. મોરારીબાપુની આગામીતા. ૨ ૩ નવેમ્બરથી ૧ ડિસેમ્બર રાજકોટના રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે વૃધ્ધ માવતરો-વૃક્ષોના શુભાર્થે માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામપર ગામ ખાતે રૂ.૩૦૦ કરોડનાં નવા સદભાવના વૃધ્ધાશ્રમના નિર્માણર્થે પ.પૂ. મોરારીબાપુની ૯૪૭મી વૈશ્વિક લૌકિક રામકથામાં રાજકોટ બનશે અલૌકિક રામકોટ.વૃક્ષો અને વડીલો બંને છાયા આપે છે. પરિવારમાં જયારે વડીલ હોય ત્યારે માથા પર તેમની છત્રછાયા હોય તેવો અનુભવ થાય છે અને વૃક્ષો પણ છાયા આપે છે. આ કથાનું આયોજન વૃક્ષો અને વડીલો માટે કરવામાં આવ્યું છે. ૨ ૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. જેમાં ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓ, દરેક સ્તરનાં કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી કાર્યારત છે. રાજકોટ રેસકોર્ષ ગ્રાઉન્ડ ખાતે મીની અયોધ્યાનગરીનું, પૂ. બાપુની વ્યાસપીઠ અને સ્ટેજનું સુંદર ડેકોરેશન કાર્ય શરૂ કરાયું છે. કથામાં રોજ ૧ લાખ લોકો કથા શ્રવણ, તેમજ ૫૦,૦૦૦ લોકો ભોજન પ્રસાદ લઈ શકશે, રાજકોટનાં વિવિધ વિસ્તારમાંથી વૈશ્વિક રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે વિશેષ બસથી જોડાવવાની વ્યવસ્થા કરાઈ છે, 'થેલેસેમીયા મુકત સમાજ' બની શકે તે માટે કથામાં ઐતિહાસીક વ્યવસ્થા, પધારેલા તમામ કથા ભાવિકોને થેલેસેમીયા, રકતદાન અંગેનીમાહિતી અપાશે, મેગા રકતદાન કેમ્પ સહિતના અલગ- અલગ સેવાકાર્યો દરરોજ યોજાશે. ૩૦૦ કરોડનાં ખર્ચે, ૩૦ એકર જગ્યામાં, પથારીવશ-નીરાધાર-લાચાર ૫૦૦૦ જેટલા વડીલોનો સમાવેશ થઈ શકે તેવા નવું સદભાવના વૃધ્ધાશ્રમ નિર્માણા થશે તેમ પત્રકાર પરિષદમાં માહિતી આપતા વિજયભાઈ ડોબરીયાએ જણાવ્યું હતું.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે,આ વૃધ્ધાશ્રમમાં નાત—જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, આદરભેર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે. વૃધ્ધાશ્રમમાં દાખલ થતાં વૃધ્ધો પાસેથી કોઈપણ પ્રકારનું ડોનેશન, ફી લેવામાં આવતી નથી. આ વૃધ્ધાશ્રમમાં હાલ ૬૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. જેમાં૨૦૦ જેટલા વડીલો તો ડાઈપર પર છે, પથારીવશ છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા રાજકોટના જામનગર રોડ ઉપર આવેલા રામપર ગામ ખાતે ૩૦ એકર જગ્યામાં, પથારીવશ-નીરાધાર-લાચાર ૫૦૦૦ જેટલા વડીલોનો સમાવેશ થઈ શકે તેવું નવા વૃધ્ધાશ્રમનું નિર્માણ થઈ રહયું છે. જેમાં મંદિર, અન્નપૂર્ણા ગૃહ,પુસ્તકાલય, કસરતના સાધનો, યોગા રૂમ, દવાખાનું, ગાર્ડન,કોમ્યુનીટી હોલ, બાગ બગીચા સહિતની તમામ સુવિધા પરિસરમાં જ મળી રહેશે. જેના લાભાર્થે અને સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા થઈ રહેલી વૃક્ષારોપણની પ્રવૃતિઓ અંગે આ રામકથા થઈ રહી છે. સદભાવના વૃધ્ધાશ્રમ દ્વારા પર્યાવરણ સંરક્ષણ ભાગરૂપે માત્ર વૃક્ષારોપણ જ નહી, વૃક્ષોનું જતન અને ઉછેર કરવામાં આવે છે, અત્યાર સુધીમાં ૩૦ લાખથી વધુ વૃક્ષોનું પીંજરા સાથે વાવેતર ગુજરાતમાં થઈ ચૂકયું છે તેમજ મીયાવાકી જંગલોના માધ્યમથી ૭૦ લાખ વૃક્ષો સાથે ૪૦૦ ટેક્કર,૪૦૦ ટ્રેક્ટર અને ૧૬૦૦ માણસનો પગારદાર સ્ટાફની મહેનતથી વાવવામાં આવ્યા છે.સમગ્ર ભારતમાં ૧૫૧ કરોડ વૃક્ષો વાવવાનો,ઉછેરવાનો સંસ્થાનો ધ્યેય છે. ગુગલ મેપ પરથી જયારે કોઈ સર્ચ કરે ત્યારે ગ્રીન ભારત દેખાવું જોઈએ. લોકોમાં વૃક્ષારોપણને લઈને જાગૃતિ આવે તે માટે પણ આ રામકથાનું આયોજન કરવામાં આવ્યું છે. દેશ -વિદેશથી સામાજિક અગ્રણીઓ, ઉદ્યોગપતિ, વેપારીઓ, રાજકીય અગ્રણીઓ, દાતાઓ, કાર્યકરો હાજર રહેશે. સમગ્રપણે 'ન ભૂતો ન ભવિષ્યતિ' પ્રકારનું દિવ્ય આયોજન કરવાનો પ્રયાસ છે.

૧ ૨ વર્ષના લાંબા સમયગાળા બાદ રાજકોટમાં રામકથા યોજાઈ રહી હોય તેને વધાવી લેવા માટે રાજકોટ જ નહીં પણ આખું ગુજરાત આતુર છે. આ કથામાં ક્યાંય પણ કચાશ ન રહી જાય અને શ્રોતાઓને નાની અમથી તકલીફ ન પડે તે માટે સદભાવના વૃદ્ધાશ્રમની ટીમ દ્વારા ચીવટતાપૂર્વક કામગીરીને પૂર્ણ કરવામાં આવી છે. વૈશ્વિક રામકથામાં શ્રોતાઓ આરામથી બેસીને કથાનું શ્રવણ કરી શકે તે માટે બે લાખ ચોરસફૂટ જગ્યામાં ત્રણ જર્મન ડોમ તૈયાર થઈ ગયો છે. રોજ ૧ લાખ લોકો કથા શ્રવણ કરશે અને ૫૦,૦૦૦ લોકો ભોજન પ્રસાદ લેશે. પૂ. મોરારિબાપુની સમગ્રપણે ૯૪૭મી રામકથા યોજાશે.

રેસકોર્સ પર મુખ્ય સ્ટેજ પર વ્યાસપીઠ બનાવવામાં આવી છે અને પૂ. મોરારિબાપૂના કટઆઉટ મુકવામાં આવ્યા છે. કથા પૂર્ણ થયા બાદ શ્રોતાઓ આરામથી ભોજનપ્રસાદ લઈ શકે તે માટે ૯૦ બાય ૧૮૦ ચોરસફૂટ જગ્યામાં રસોડું તૈયાર કરવામાં આવ્યું છે જ્યાં પ્રસાદ બનાવવામાં આવશે. જયારે ભોજન મંડપ ૯૦ બાય ૫૦૦ ચોરસફૂટનો બનાવાયો છે. જેના બે ડોમ તૈયાર કરવામાં આવ્યા છે. ખાસ કરીને વાહન પાર્કિંગને લઈને કોઈ અવ્યવસ્થા ન સર્જાય તે માટે ૧૫૦૦ જેટલી કાર તેમજ ૧૫૦૦૦ ટુ- વ્હીલરનું પાર્કિંગ થઈ શકે તેવી વ્યવસ્થા પણ આયોજકો દ્વારા કરવામાં આવી છે. દેશ વિદેશમાંથી આવતા મહેમાનો માટે રહેવાની સુવિધા પણ કરવામાં આવી છે.

સદભાવના વૃદ્ધાશ્રમનાં માર્ગદર્શક, સંરક્ષક આંતરરાષ્ટ્રીય વિશ્વ હિન્દુ મહાસભાના કન્વિનર, સેક્રેટરી, ધર્માચાર્ય પરમાત્માનંદ સરસ્વતીજી જણાવે છે કે, "રાજકોટની વૈશ્વિક રામકથા ભક્તિ, પ્રસાદ અને સેવાનો ત્રિવેણી સંગમ છે. સર્વધર્મ સમભાવ માટે આ શ્રેષ્ઠ મોકો છે. ૧ ૨ વર્ષ બાદ રાજકોટમાં યોજાઈ રહેલી પૂ. મોરારિબાપુની વૈશ્વિક રામકથામાં સૌ કોઈને જોડાવવા, પુણ્યના યજ્ઞમાં આહુતિ આપવા આહ્વાન છે.

વૃદ્ધાશ્રમ એ આવકાર્ય વ્યવસ્થા નથી, પરંતુ રાજકોટ 'રામકોટ' છે ત્યારે નિઃસંતાન, પથારીવશ, બીમારીથી પીડાતા વડીલો આંગણે આવે તો ના તો ન જ પડાય. રાજકોટ તો 'સેવાનગરી' છે. કદાચ સદભાવના વૃદ્ધાશ્રમનાં વિશાળ વૃક્ષારોપણનાં પગલે ઠેર ઠેર સારો વરસાદ વરસ્યો હોય તેવું પણ બને. વૃક્ષોએ તો પાણીનો વિકટ પ્રશ્ન સોલ્વ પણ કર્યો છે. સંસ્થાનો આખા ભારતમાં વૃક્ષો વાવવાનો સંકલ્પ સરાહનીય છે.

વૃક્ષો અને વડીલોની સેવાર્થે થઈ રહેલ મહાન કાર્ય સમી "વૈશ્વિક રામકથા"માં સૌ કોઈ તન, મન અને ધનથી સેવા આપતાં કટિબદ્ધ બને તે જરૂરી છે. કસરત, યોગ, પ્રાણાયમ પછી એક નવો યોગ છે જે સેવાયોગ છે. અત્યારે માણસમાં સંપત્તિ આવી ગઈ છે પણ સમૃદ્ધિ આવી નથી, કોઈ માણસ બીજાના દુઃખમાં દુખી ન થાય એ તો સમજ્યા પણ બીજાના સુખમાં સુખી થનારાઓની પણ સંખ્યા ઘટતી જાય છે. એવા સમયે આપણે એવું આશ્રમ બનાવીએ કે ભારતનાં સંતાનોને પોતાના માતા પિતાની સેવા કરવાની તો પ્રેરણા મળે જ પણ અન્યના માતા પિતાની પણ એ સેવા કરી શકે એવા એના સંસ્કાર બને." વૈશ્વિક રામકથામાં સંતો, મહંતો સહિત વિવિધ મહાનુભાવો હાજરી આપશે. જેમાં ૨ ૩ નવેમ્બરે ભાગવત કથાકાર ભુપેન્દ્રભાઈ પંડ્યા, પ.પુ. કૃષ્ણમણી મહારાજ, રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી, ૨૬ નવેમ્બરે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, પ. પૂ. અવધેશાનંદજી મહારાજ, ૨૬થી ૩૦ નવેમ્બર દરમિયાન પ. પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા, પતંજલિ યોગ વિદ્યાપીઠનાં પ. પૂ. સ્વામી રામદેવજી, ૨૯ નવેમ્બરે વેદાંતી વિચારસરણીના પ્રખર પુરસ્કર્તા અને પ્રચારક પ. પૂ. ચિન્મયાનંદ સ્વામીજી, પ. પૂ. ગીતામનીષી સ્વામી જ્ઞાનાનંદજી, પ. પૂ. પદ્મશ્રી શ્રી દત્ત પદ્મનાભ પીઠ ગોવાના વર્તમાન પીઠાધીશ્વર પ. પૂ. સદગુરુ બ્રહ્મેશાનંદાચાર્યજી, એસ.જી.વી.પી ગુરુકુળ, અમદાવાદનાં પ. પૂ. માધવ પ્રિયદાસજી, બાઘેશ્વર ધામના પ. પૂ. ધીરેન્દ્ર શાસ્ત્રીજી, શ્રી એલ. વી સુબ્રમણ્યમ – પૂર્વ ચીફ સેક્રેટરી (આંધ્રપ્રદેશ સરકાર) સહિતનાઓ હાજરી આપશે.

સત્ય,પ્રેમ અને કરુણાનો વૈશ્વિક સંદેશ આપનાર પૂ.મોરારી બાપુ રામચરિતમાનસનું ગાન કરવા સંવેદના અને સ્વીકારની પીઠીકા લઈ રાજકોટમાં પધારી રહ્યા છે.રામકથાના આયોજિત પ્રેમયજ્ઞમાં પૂ.મોરારી બાપુના શ્રીમુખે રામકથાના શ્રવણનો લાભ બહોળી સંખ્યામાં લેવા સૌને જાહેર આમંત્રણ અપાયું છે. વૃદ્ધ અને વૃક્ષ બંને છાયા આપે છે. રાજકોટમાં વડીલો અને વૃક્ષોનાં લાભાર્થે વૈશ્વિક રામકથા "માનસ સદભાવના"નું આયોજન કરાયું છે. ૨ ૩ નવેમ્બરથી શરૂ થનારી આ કથાનું કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે હાલમાં ત્રણ હજાર કાર્યકર્તાઓની ફોજ તૈનાત છે. જેમાં ઉદ્યોગપતિ, વેપારીઓ, સીએ, ડોક્ટરો, વકીલો તેમજ દરેક સમાજના શ્રેષ્ઠીઓ, દરેક સ્તરનાં કાર્યકર્તાઓનો સમાવેશ થાય છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે. પૂ. મોરારીબાપુની સમગ્રપણે ૯૪૭ મી રામકથા યોજાશે. પૂ. મોરારિબાપુ જોશ સાથે રામાયણના પાઠ કરે છે અને દરેક નાગરિકમાં ભારતીય સંસ્કૃતિનું સિંચન કરી રહ્યા છે. પૂ. બાપુ ગુજરાત બહાર જ નહીં પરંતુ ભારત બહાર વિદેશોમાં પણ રામાયણના પાઠ કરે છે. રાજકોટમાં યોજાનાર રામકથાની સૌથી મોટી ખાસિયત તો એ છે કે આ કથા સદભાવના વૃદ્ધાશ્રમનાં લાભાર્થે એટલે કે વૃક્ષો અને વડીલો માટે થઈ રહી છે. કથામાં વિદેશથી પણ હજારો રામકથા પ્રેમીઓ આવશે. રામકથા આપણા જીવનમાં આધ્યાત્મિકતા, માનવતા અને પ્રીતિનાં મૂલ્યોને સમજાવવાનું માધ્યમ છે. પૂ. બાપુનું કથન સરળ ભાષામાં અને હૃદયસ્પર્શી હોય છે, જે દરેક વયના લોકો માટે સમજવું સરળ હોય છે. પૂ. મોરારી બાપુ રામકથામાં રામાયણ અને અન્ય ભારતીય ગ્રંથોનો ઉલ્લેખ કરીને જીવનનાં મહત્વના સિદ્ધાંતો પ્રેમ અને સહિષ્ણુતા, ધર્મ અને કર્તવ્ય, માનવતા અને એકતા, અહિંસા અને શાંતિની સમજણ આપે છે. રામકથા સમાજમાં શ્રદ્ધા, વિશ્વાસ અને પ્રીતિની ભાવનાને પ્રોત્સાહિત કરે છે. રામકથામાં દર્શાવેલા પાત્રો અને ઘટનાઓ જીવનની સમસ્યાઓનો સામનો કરવા અને માનવતાની સેવા માટે પ્રેરણા આપે છે. પૂ. બાપુ દેશ વિદેશમાં કથાઓ કરે છે. પૂ. મોરારિબાપુની સૌ પ્રથમ વિદેશની સફર કેન્યાના નૈરોબીમાં૧૯૭૬માં થઈ હતી તે સમયે બાપુની ઉંમર માત્ર ૩૦ વર્ષની હતી. પૂ. મોરારિબાપુએ સૌપ્રથમ માટીના બનેલા એક વ્યાસ પીઠ પર શ્રી રામનો ફોટો રાખીને પોતાનું સ્થાન ગ્રહણ કર્યું હતું અને શરુ શરુ માં તે જગ્યાએ એક પાણી પીવાની પરબ પાસે તરસ્યા લોકો પાણી પીવા આવતા તે લોકો બેસીને કથા સાંભળતા. આજે તે જગ્યાએ ગામના લોકોએ મળીને એક હનુમાન મંદિર બનાવ્યું છે અને તેને નામ આપ્યું છે રામ વાડી . પૂ. મોરારિબાપુની પ્રસિધ્ધીનું પ્રમાણ મેળવવા માટેનો એક પ્રયાસ કરીએ તો કહેવાય છે કે તુલસીદાસ લિખિત રામચરિતમાનસ માં લગભગ ૧૦૦૦ થી વધુ શ્લોક છે અને દરેક શ્લોકમાં ૧૬ થી ૧૮ લાઈન છે. એટલે કે પૂ. મોરારિબાપુએ ૧ ૨ વર્ષની ઉંમરે ૧૫૦૦૦થી પણ વધુ લાઈનને યાદ કરીને કંઠસ્થ કરી હતી અને દરેક લાઈનને સમજી હતી. પૂ. મોરારિબાપુનું માનવું છે કે સ્વાસ્થ્ય, ભણતર અને ભોજન એ વિનામૂલ્યે મળે તો દુનિયાની કોઈ પણ મુસીબતને પહોંચી શકાય. આ ત્રણ જરૂરિયાતનો વેપાર ન થવો જોઈએ.

વૃક્ષો અને વડીલો બંને છાયા આપે છે. પરિવારમાં જયારે વડીલ હોય ત્યારે માથા પર તેમની છત્રછાયા હોય તેવો અનુભવ થાય છે અને વૃક્ષો પણ છાયા આપે છે. આ કથાનું આયોજન વૃક્ષો અને વડીલો માટે કરવામાં આવ્યું છે. અગાઉ રાજકોટમાં પૂ. મોરારિબાપુની સૌ પ્રથમ રામકથા ૧૯૭૬માં થઈ હતી ત્યારબાદ ૧૯૮૨, ૧૯૮૬ અને એ પછી ૧૯૯૮માં માનસ મુદ્રિકા, ૨૦૦૭માં માનસ વાલ્મિકી, ૨૦૧૨માં માનસ હરિહર નામે રામકથા યોજાઈ હતી. હવે ૧ ૨ વર્ષ બાદ રાજકોટમાં વૈશ્વિક રામકથા થઈ રહી છે. કથા દરમિયાન પર્યાવરણ જતન, જીવનમાં વૃક્ષોનું મહત્ત્વ અંગે સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. આ કથામાં જે પણ અનુદાન એકત્રિત થશે તે સદભાવના વૃદ્ધાશ્રમનાં વૃદ્ધોની સેવા-ચાકરી,નવા પરિસરના નિર્માણ અને વૃક્ષારોપણની પ્રવૃત્તિના વિકાસ માટે વાપરવામાં આવશે. જે કોઈ કથામાં આવશે તેને તુલસી સહિતના રોપા અને ચકલીના માળા, બર્ડ ફીડરનો પ્રસાદ પણ આપવામાં આવશે. રાજકોટમાં મીની અયોધ્યા સર્જાશે.પૂ. મોરારી બાપુની વૈશ્વિક રામકથા સોના છોડો, ચાંદી છોડો, સબ કુછ છોડો પર ભુલ કર ભી રામકથા મત છોડો. રાજકોટ બનશે રામકોટ. પત્રકાર પરિષદમાં વિજયભાઈ ડોબરીયા, મિતલ ખેતાણી, કેતન પટેલ, દિનેશ ચોવટીયા, જીતુ કોઠારી (રિસલ્ટ એડ) ,ટ્રસ્ટના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

સદભાવના વૃધ્ધાશ્રમ,"પીપળીયા ભવન", સ્વામીનારાયણ ગુરૂકુળ સામે, ગોંડલ રોડ ફાટક પાસે, ઓવરબ્રિજની નીચે, ડી—માર્ટ વાળી શેરી, રાજકોટ-૩૬૦૦૦૪. સદભાવના વૃદ્ધાશ્રમ નાં લાભાર્થે તા.૨૩ નવેમ્બર—૨૦૨૪ સાંજે ૪ થી ૬: ૩૦ સુધી અને ૨૪ નવેમ્બરથી તા. ૦૧ ડીસેમ્બર-૨૦૨૪ સુધી સવારે ૯થી ૧:૩૦ વાગ્યા સુધી રેસકોર્સ ગ્રાઉન્ડ,રાજકોટ ખાતે વૈશ્વિક રામકથા યોજાનાર છે. વૈશ્વિક રામકથાની વિશેષ વિગતો માટે મો.૯૬૬૪૮૫૧૭૩૮ (૯૬૬૪૮૫૧૭૩૮) પર સંપર્ક કરવા સદભાવના વૃદ્ધાશ્રમની યાદીમાં જણાવાયું છે.

## જેના અન્ન ભેગા તેના મન ભેગા : મહાપ્રસાદ માટે એકજ વ્યજન

આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી મુકત કરતા રામકથા શ્રવણ અને મહાપ્રસાદને ગ્રહણ કરવાનું જાહેર આમંત્રણ, જેના અન્ન ભેગા તેના મન ભેગા.

કથામાં આવતા તમામ શ્રાવકો માટે ગાંઠીયા, ગુંદી, ખીચડી, શાક, સંભારો, રોટલી, કઢી જેવું એકસરખુ ભોજન—મહાપ્રસાદ પીરસવાનો વિચાર.

રાજકોટના હાર્દ સમા રેસકોર્ષ ગ્રાઉન્ડ પર સદભાવના વૃધ્ધાશ્રમના યજમાનપદે રામકથાનું ભવ્ય—દિવ્ય આયોજન થઈ રહયું છે. સર્વે ધર્મ, સર્વે જ્ઞાતીના સમાજોને એક થવાનો અવસર.

રામકથામાં આવવા—જવા માટે શહેરના અલગ—અલગ વિસ્તારોમાંથી સીટી બસ સેવા ઉપલબ્ધ કરાઈ છે.

વિદેશથી ખાસ રામકથા શ્રવણ કરવા માટે આવનાર લોકો માટે તેમજ આમંત્રિત મહેમાનો સહિતનાં હજારો રામકથા પ્રેમીઓ માટે રહેવા, જમવાની વ્યવસ્થા કરાઈ છે.

"થેલેસેમીયા મુકત સમાજ" બની શકે તે માટે કથામાં ઐતિહાસીક વ્યવસ્થા, પધારેલા તમામ કથા ભાવિકોને થેલેસેમીયા, રકતદાન અંગેની માહિતી અપાશે, મેગા રકતદાન કેમ્પ દરરોજ યોજાશે.

સમગ્ર કથા મંડપને સીસીટીવી કેમેરા, હાઈ સીકયુરીટી, વિમા કવચ તથા ન્યુઝ ચેનલોમાં જીવંત પ્રસારણ કરાશે.

એક જ સમયે, એકજ સ્થળે એક સાથે તમામ વર્ગ—સ્તરના આબાલ વૃધ્ધ, ગરીબ—તવંગર સૌ કથા શ્રાવકો માટે હરહીરનું આયોજન

રામકથામાં વ્યસન મુક્તિ અભિયાન પણ થશે, હજારો લોકો વ્યસન મુક્ત બનશે.

ચક્ષુદાન, દેહદાન, અંગદાન, શાકાહાર, ગૌસેવા-જીવદયાનાં હજારો સંકલ્પ પત્રો લોકો ભરશે.

## વૈશ્વિક રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે વિશેષ રામરથ-બસની વ્યવસ્થા

સૌરાષ્ટ્રનાં વિવિધ ગામો અને શહેરોમાંથી રાજકોટ વૈશ્વિક રામકથામાં ભાગ લેવા આવનાર શ્રાવકો માટે વિશેષ બસથી જોડાવવાની વ્યવસ્થા કરવામાં આવી છે. જેથી બધા લોકો લાભ લઈ શકે. બસ વ્યવસ્થા ૨ ૩ નવેમ્બરે બપોરે ૨-૩૦ વાગ્યે અને ૨ ૪ નવેમ્બરથી ૧ ડીસેમ્બર સુધી સવારે ૮:૩૦ વાગ્યાથી રાખવામાં આવી છે.

બસ નંબર ૧ : મવડી ઝખરાપીરના મંદિરથી શરુ કરી, મવડીગામ, બાપા સીતારામ ચોક, બાલાજી હોલ, બીગબજાર, કે.કે.વી હોલ, સ્વામીનારાયણ મંદિર, મહિલા કોલેજ થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૨ : પી.ડી.માલવીયાથી ગોકુલધામ, સ્વામી નારાયણ ચોક, આનંદ બંગલા ચોક, ત્રિશુલચોક (લક્ષ્મીનગર),વિરાણી ચોક, એસ્ટ્રોન ચોક થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૩ : કોઠારીયાથી શરુ કરી કોઠારિયા ગામ, રણુજા મંદિર, કોઠારીયા ચોકડી, નંદા હોલ, નીલકંઠ ટોકીઝ, સોરઠીયા વાડી ચોક, ભકિતનગર સર્કલ, સત્યવિજય આઈસ્કીમ, મહારાણી લક્ષ્મીબાઈ સ્કુલ થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૪ : જીવરાજ પાર્કથી શરુ કરી શાસ્ત્રી નગર, નાનામોવા સર્કલ, રાજનગર ચોક, લક્ષ્મીનગર ચોક થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૫ : માધાપર ચોકડીથી શરુ કરી માધાપર ચોકડી, અયોધ્યા ચોક, શીતલ પાર્ક, રામાપીર ચોક,નાણાવટી ચોક, રૈયા ચોકડી થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૬ : ઉપલા કાઠા વિસ્તારથી શરુ કરી રામદેવપીર મંદિર, ભગીરથ સોસાયટી (સંતકબીર રોડ),ત્રિવેણી મેઈટ (સંતકબીર રોડ), જલગંગા ચોક(સંતકબીર રોડ), ગોવિંદબાગ શાક માર્કેટ, બાલક હનુમાન સર્કલ(પેડક રોડ), રણછોડબાપુ આશ્રમ(કુવાડવા રોડ), પારેવડી ચોક (બેડીપરા) થઈને રેસકોર્સગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

બસ નંબર ૭ : રેલનગર પેટ્રોલ પંપ પાસે ત્યારબાદ આસ્થા ચોક (રેલનગર), આંબલીયા હનુમાન (જકંશન), પેટ્રોલ પંપ (પુલના ખુણા પાસે) થઈને રેસકોર્સ ગ્રાઉન્ડ (અયોધ્યાનગરી) સુધી જશે.

## ૩ હજારથી વધુ કાર્યકરો સ્વયંમસેવાર્થે સદભાવના

રેસકોર્સ ખાતે વૈશ્વિક રામકથાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. ૩ હજારથી વધુ કાર્યકરો સેવા આપી રહ્યા છે. વૈશ્વિક રામકથાની તૈયારી માટે રેસકોર્સ ખાતે જ કાર્યાલય શરૂ કરાયું છે. જે સવારથી લઈને રાત સુધી ધમધમે છે. સમગ્ર કથા મંડપને સીસીટીવી કેમેરા, હાઈ સીકયુરીટી, વિમા કવચથી સુરક્ષિત કરવામાં આવ્યું છે. ન્યુઝ ચેનલોમાં સમગ્ર કથાનું જીવંત પ્રસારણ કરાશે. સુંદર વ્યવસ્થા કરવાનું આયોજન શરૂ થઈ ગયું છે. આ સાથે અલગ- અલગ સમિતિના સ્વયંસેવકોએ પોતાની જવાબદારી ખુબજ કાળજી પૂર્વક નિભાવી આ પ્રસંગને એક ભવ્યાતિભવ્ય ઉત્સવ બનાવવા પ્રયાસ કરી રહ્યા છે. વિવિધ કાર્યો માટે અલગ અલગ પ્રકારની સમિતિઓ જેવી કે પાર્કિંગ સમિતિ, મેડીકલ સમિતિ, સ્વચ્છતા સમિતિ, સેવા કાર્યોનાં મેનેજમેન્ટ કરવા માટેની સમિતિ, મંડપ ડેકોરેશન સમિતિ, પાણી વ્યવસ્થા સમિતિ, ભોજન વ્યવસ્થા સમિતિ તેમજ ઉતારાની ચા નાસ્તા સમિતિ બનાવવામાં આવી છે. વૈશ્વિક રામકથા માટે રેસકોર્સ ગ્રાઉન્ડમાં તૈયારીઓ શરુ થઈ ચુકી છે. કથા શ્રવણ કરવા આવનાર લોકો માટે સેલ્ફીઝોન પણ બનાવવામાં આવ્યો છે. પોતાના નામજોગ લોકો વિડીયો સંદેશ અને આમંત્રણ આપી શકશે તેવી વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. દરરોજ ૫૦ હજાર લોકો ભોજન પ્રસાદ લેશે એ માટે ખાદ્ય પદાર્થોની યોગ્ય ચકાસણી તેમજ સફાઈનું પૂરતું ધ્યાન આપવામાં આવશે. આ ઉપરાંત ભોજનનો બગાડ ન થાય અને ભોજન ખંડમાં ગંદકી ન સર્જાય તે માટે સતત સફાઈની તકેદારી રાખવામાં આવશે. આશરે ૨૦૦ જેટલા રસોયા ઓ સેવા આપશે અને ૨૦૦ જેટલા ભોજન પીરસનારા સ્વયંસેવકો કાર્યરત રહેશે. અલૌકિક કથાનો રસપાન કરતા રામભક્તોની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે પાથરણા ગાદલા, તકિયા, ખુરશી તેમજ પાણીની વ્યવસ્થા કરી તમામ પ્રકારની યોગ્ય ગોઠવણી કરવામાં આવી રહી છે તેમજ રામભક્તો અલૌકિક કથાનું રસપાન કરી શકે તે માટે અધ્યતન ઓડિયો વીડિયો સિસ્ટમની ગોઠવણી કરવામાં આવશે. આ ઉપરાંત કથા મંડપમાં દૂર બેસેલા લોકો પણ પૂ. મોરારિબાપુના દર્શન કરી શકે અને શ્રોતાઓને કથા શ્રવણનો સંપૂર્ણ લાભ મળી રહે તે માટે કથા મંડપ વચ્ચે વિવિધ ખંડોમાં શક્ય તેટલી એલ.ઈ.ડી. સ્ક્રીન પણ લગાવામાં આવશે. આ વૈશ્વિક રામકથા વૃક્ષો અને વડીલોનાં લાભાર્થે તેમજ સૌ આબાલ વૃધ્ધો માટે આધ્યાત્મિક અને ધાર્મિક અનુભવ આપવાનું વિશેષ આયોજન છે.

# જૂનાગઢ મનપાની આગામી ચૂંટણીમાં ગળાકાપ સ્પર્ધા જોવા મળશે

જૂનાગઢ તા.૧૬

પાંચ વર્ષનાં સમયગાળા બાદ મતદાન કરવા માટેનો અમુલ્ય અવસર આગામી દિવસોમાં જ આવી રહયો છે. ત્યારે જૂનાગઢવાસીઓ આ અવસરને હાથમાં આવેલ તકને ઝડપી લેવા માણવા સજ્જ બની ગયા છે અને પસંદગીનાં ઉમેદવારને જ પોતાનો કિંમત અને પવિત્ર મત આપશે. જયારે ભ્રષ્ટાચારી, નકામા અને ખોટા વચન આપનારાની કોઈ જ 'કિંમત' રહેશે નહી. જૂનાગઢ મહાનગરપાલીકાની ચુંટણી નજીક આવી રહી છે અને જે અંગેની આજકાલમાં જ તારીખ પણ જાહેર થાય છે ત્યારે મનપાની યોજાનારી ચુંટણી આ વખતની અદ્‌ભુત, અકલ્પનીય પરીણામો આપનારી એટલું જ નહીં તીવ્ર સ્પર્ધાત્મક પણ બની રહેવાની છે.

જૂનાગઢ મનપાની ચુંટણી કયારે જાહેર થાય તેની જ રાહ જોઈ રહેલા અનેક ઉમેદવારો ચુંટણી લડવા થનગની રહયા છે. તો બીજી તરફ મનપાનાં ભાજપનાં પુર્વે શાસનકર્તાઓએ પોતાના શાસનકાળ દરમ્યાન નગરજનોને પીડા આપવાનું કામ જ કર્યુ છે.

પ્રજાની સમસ્યા, ફરીયાદો દુર કરવી કે રસ્તા સહિતની સારી સુવિધાઓ પુરી પાડવામાં મનપાનાં તત્કાલીન પુર્વ શાસકો નિષ્ફળ અને કંગાળ જો કે ઘર ભરવામાં માસ્ટર રહયા છે. આવા કેટલાક શાસકોને જૂનાગઢની જનતા સાવ ઓળખી ગઈ છે અને પોતાની જાતને લોકપ્રિય નેતા ગણતા આવા લોકોની કોઈ શેહશરમમાં જનતા એટલે કે જૂનાગઢનો મતદાન આવે તેમ નથી. અતિની કોઈ ગતી નથી તેમ કેટલું સહન કરવું અને એ પણ કયાં સુધી ? તેનો કોઈ અંત તો હોવો જોઈએ ને ? આવી ચર્ચાઓ નગરજનોમાં સંભળાઈ રહી છે.

મનપાનાં 'ભાજપનાં રાજ'થી કંટાળેલી પ્રજા હવે કંઈક નવું કરવાનાં મુડમાં છે અને જેના પડઘા પણ ગાંધીનગર સુધી પડવાનાં જ છે. દરમ્યાન જૂનાગઢ મહાનગરપાલીકાની ચુંટણી અંગેની જાહેરાત અને ત્યાર બાદ જાહેરનામું બહાર પડે એટલે ઉમેદવારી માટે નામ નોંધણી શરૂ થશે. ખાસ કરીને આ વખતે લોકોની એટલી બધી ફરીયાદો ભાજપ હાઈકમાન્ડે સાંભળી છે કે ઉમેદવારોની પસંદગી જોખી, જોખીને કરવી પડશે. બીજી તરફ કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષ પણ પોતાની તૈયારીમાં લાગી ગયેલ છે. આ સાથે જ લોકોનાં કામો સારી રીતે થઈ શકે તે માટે જૂનાગઢની જનતાનાં હીતમાં એકાદ બે સમિતી પણ પોતાનાં ઉમેદવારો ઉભા રાખે તો નવાઈ નહી. આ સાથે કેટલાક ઉત્સાહી અને સમાજનું હિત જેઓને હૈયે છે તેવા કોરીપાટીનાં નિષ્પક્ષ યુવાઓ પણ ચુંટણી જંગમાં મેદાનમાં ઉતરી પડે તો નવાઈ નહી. ટુંકમાં જૂનાગઢ નગરનાં વર્તમાન પ્રવાહો જોતા આગામી મહાનગરપાલીકાની ચુંટણી તીવ્ર નહી પરંતુ અતી તીવ્ર સ્પર્ધાત્મક બનશે તેવું રાજકીય પંડિતો માની રહયા છે. આ ચુંટણીમાં અપક્ષોની પણ બોલબાલા રહેશે તેવું મનાઈ છે.

## રાજકોટ જેલ અધિક્ષક રાઘવ જૈન એ જૂનાગઢ જિલ્લા જેલની મુલાકાત લીધી

જૂનાગઢ તા.૧૮

રાજકોટ મધ્યસ્થ જેલના અધિક્ષક રાઘવ જૈન જૂનાગઢ ઓપન જેલ તેમજ જૂનાગઢ જિલ્લા જેલની મુલાકાતે આવ્યા હતા. આ મુલાકાત દરમ્યાન રાઘવ જૈનએ જૂનાગઢ જિલ્લા જેલના અધિક્ષક એચ. ઓ. વાળાને સાથે રાખી જેલમાં સર્કલ ૧, ૨, ૩ તેમજ સલામતી વિભાગ, મહિલા વિભાગની મુલાકાત લીધી હતી તેમજ ઓપન જેલ ખાતેની ગૌશાળા સહિતની વિઝીટ કરી હતી. સાથે સાથે રાજકોટ મધ્યસ્થ જેલ અધિકક્ષકએ જેલમાં કેદીઓ માટેની સુવિધાનું નિરીક્ષણ કરી જરૂરી સૂચન પણ કર્યા હતા. આ મુલાકાત દરમિયાન રાઘવ જૈનએ જેલનાં કેદીઓ સાથે સંવાદ કર્યો હતો તેમજ ઓપન, જિલ્લા જેલમાં બંદીજનો માટેની સુવિધા અંગે એકંદરે સંતોષ વ્યક્ત કર્યો હતો.

## કેશોદના બાલાગામે આધેડનો ગળેફાંસો ખાઈ આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૨

કેશોદના બાલાગામે રહેતા આધેડે આર્થિક સંકળામણના લીધે ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું કેશોદ પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર કેશોદના બાલાગામે રહેતા અશોકભાઈ રણછોડભાઈ કુંભાણી (ઉ.વ.૬૦)એ આર્થિક સકળામણના લીધે પોતાની મેળે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધાનું મૃતકના પત્ની તારાબેને કેશોદ પોલીસ મથકે જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.

## જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં રાત્રે અને વહેલી સવારે ઠંડીનો ચમકારો

જૂનાગઢ તા. ૧૮:

જૂનાગઢ સહિત સૌરાષ્ટ્ર-કચ્છમાં ગઈકાલે રાત્રીના અને આજે વહેલી સવારના સમયે ઠંડકની અસર શરૂ થતા શિયાળા જેવું વાતાવરણ છવાઈ ગયું હતું. વહેલી સવારના સમયે લઘુતમ તાપમાનનો પારો નીચે ઉતરી જતા લોકોને ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે.

દિવાળી અને તેના પછીના દિવસોમાં શિયાળો જામતો હોય છે પરંતુ આ વખતે દિવાળી બાદ હવે છેક ઠંડીની અસર વર્તાવા લાગી છે. જો કે સવારે સૂર્યનારાયણના દર્શન થતાની સાથે જ ઠંડીમાં ઘટાડો અનુભવાય છે અને ઉકળાટની અસર અનુભવાય છે. બપોરના સમયે વધુ તડકો પડતા ઉનાળા જેવું વાતાવરણ છવાઈ જાય છે.

આવી રીતે એક જ દિવસમાં ૨ ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. આ સાથે જૂનાગઢ સહિત સોરઠ અને સૌરાષ્ટ્ર-કચ્છમાં શિયાળો ધીમે-ધીમે જામી રહ્યો હોવાના અહેવાલો મળી રહ્યા છે.


નવા વર્ષની હાર્દિક શુભેચ્છા...

જૂનાગઢ સીંગદાણા એસોસીએશન
પ્રમુખ
જીતુભાઈ દુધાત્રા
જૂનાગઢ

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે


અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ

મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે

આ ખોટા વખાણ નથી હો..
આપ નજરે નિહાળો પછી તમે જ કહેશો કે વાહ..ભાઈ વાહ..
સૌરાષ્ટ્ર ભૂમિ બ્યુરો ઓફીસ
ગુલબાવાડી નજીક, ખોજાવાડ ચોક પાસે, જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
(પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે )
અન્યો માટે રાહતદરે સારવાર
હરિ-કલા
યુરોસર્જીકલ હોસ્પિટલ
ડો. જયંત એચ. પંડયા
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન


ઉપલબ્ધ સેવાઓ :
- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ૧૦૦% સારૂ થવાની ગેરેંટી
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૨૬૫૦ ૬૪૬૭૪, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો






તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...





સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

समग्र शिक्षा
Samagra Shiksha

રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં રહેતા વિદ્યાર્થીઓ માટે

"મફત પરિવહન સુવિધા"





સમગ્ર શિક્ષા અંતર્ગત રાજ્યની ધોરણ-૧ થી ૮ની સરકારી પ્રાથમિક અને ધોરણ-૯ થી ૧૨ની સરકારી તેમજ અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ માટે મફત પરિવહન સુવિધા ઉપલબ્ધ છે...

- મફત પરિવહન સુવિધા મેળવવાની પાત્રતા

(૧) ધોરણ-૧ થી ૫ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૧-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૨) ધોરણ-૬ થી ૮ની સરકારી શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૩-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.
(૩) ધોરણ-૯ થી ૧૨ની સરકારી અને અનુદાનિત શાળાઓમાં વિદ્યાર્થીના રહેઠાણનું અંતર ૫-કિમી થી વધુ હોય તેવા વિદ્યાર્થીને લાભ.

નોટ - મફત પરિવહન સુવિધાની માહિતી માટે નજીકની શાળાનો સંપર્ક કરવો
પરિવહન સંબંધિત મુશ્કેલી માટે transportspo@ssguj.in પર ઈ-મેઈલ અથવા મો-૭૫૭૪૮૦૦૭૪૦ પર સંપર્ક કરવો.